વર્ષ ૧૬ અંક ૧ જાન્યુઆરી – એપ્રિલ , ૨૦૧૧

उन्नति

# વિચાર

## અનુક્રમ


**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- સામાજિક રક્ષણ: વિભાવના અને વ્યવહાર 2

**આપના માટે**

- સામાજિક ઉત્તરદાયિત્વનો વ્યવહાર અને પડકારો 10
- સામાજિક દેખરેખ: શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ વિકાસ 14

**આપણી વાત**

- ગુજરાતમાં નરેગા હેઠળ સામાજિક અન્વેષણ: વ્યવસ્થા અને પ્રક્રિયાઓ 18

**સાંપ્રત પ્રવાહ** 21

**સંદર્ભ સાહિત્ય** 23

**અમારા વિશે** 25



**સંપાદક ટીમ**

• દીપા સોનપાલ • હેમન્તકુમાર શાહ
• બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ/મની ઓર્ડર 'UNNATI - Organisation for Development Education', અમદાવાદના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**


## સંપાદકીય

### લોકશાહીમાં સરકારોનું ઉત્તરદાયિત્વ અને નાગરિકોનું કર્તવ્ય

લોકશાહી વ્યવસ્થાઓમાં કે તે સિવાયની વ્યવસ્થાઓમાં નાગરિકો અત્યારે ત્રિભેટે ઊભા છે. માનવજાત સદીઓ સુધી રાજાશાહીના યુગમાં જીવી. હવે લોકો દ્વારા ચૂંટાયેલી સરકારો લોકો માટે પારદર્શક બનીને નાગરિકોના તમામ માનવ અધિકારોનું રક્ષણ કરે એવી અપેક્ષા ઊભી થઈ છે. નાગરિકો પોતાની સરકારો પાસેથી એવી અપેક્ષા રાખે છે કે સરકારો તેમના રક્ષણનું, આર્થિક વિકાસનું અને કલ્યાણનું કામ કરે. આ સંદર્ભમાં સરકારો ભ્રષ્ટ, અક્ષમ અને હિંસક બનતી હોવાના અનુભવો દુનિયાભરમાં થયા છે તેથી લોકો વધુ ને વધુ ઉત્તરદાયી અને સહભાગી, વિકેન્દ્રિત અને પારદર્શી સરકારો ઈચ્છી રહ્યા છે. વૈશ્વિકીકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણની આર્થિક નીતિઓએ સરકારોને વધારે બજાર તરફી અને બજારલક્ષી બનાવી દીધી છે.

બીજી તરફ, બજારની નિષ્ફળતાએ રાજ્યની ભૂમિકાને વધુ મજબૂત બનાવવા માટેનો માહોલ ઊભો કર્યો છે. ખાસ કરીને ૨૦૦૬-૦૯ની વૈશ્વિક આર્થિક મંદીએ રાજ્યને ફરી પાછું કેન્દ્રમાં લાવવાની સ્થિતિ ઊભી કરી હતી. નાગરિક સમાજ બજાર અને રાજ્ય બંનેના શોષણમાંથી મુક્ત થવા ઈચ્છે છે. બજાર શોષણ ન કરે તે માટે રાજ્ય નીતિઓ ઘડે અને તે મુજબ પગલાં ભરે એવી અપેક્ષા સ્વાભાવિક રીતે નાગરિક સમાજ રાખે છે. ઘણી વાર બજાર અને રાજ્ય ભેગાં થઈ જાય અને નાગરિકોનું બેહદ શોષણ કરે એવી પરિસ્થિતિ પણ જન્મે છે. પરંતુ લોકશાહી વ્યવસ્થાઓમાં રાજકીય નેતાઓએ અને સરકારોએ નિયત સમયે લોકોને જવાબ આપવો પડે છે તેથી તેમને નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બન્યા વિના છૂટકો હોતો નથી. ઉત્તરદાયિત્વના આ ફરજિયાતપણાએ લોકોને આપોઆપ જ સક્રિય બનવાની ફરજ પાડી છે.

આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં નાગરિક સમાજ વધુ ભાગીદાર બને, સક્રિય બને અને સરકારની નબળાઈઓ સામે પોતાનો અવાજ ઉઠાવે તથા સરકારના તંત્રોને ઉત્તરદાયી બનવાની ફરજ પાડે એ આજની તાતી જરૂરિયાત છે. અમલદારો અને રાજકીય નેતાઓ લોકો પ્રત્યે ઉત્તરદાયી બને તે માટેની કાનૂની અને સંસ્થાકીય વ્યવસ્થાઓ ઉપલબ્ધ હોવા છતાં તે કામ નહીં કરતી હોવાનો વ્યાપક અનુભવ લોકોમાં હતાશા ઊભી કરે છે. નાગરિક સમાજ આ હતાશાને ખંખેરી નાંખે અને સામાજિક ઉત્તરદાયિત્વનાં વિવિધ સાધનોનો ઉપયોગ કરીને સરકારી તંત્રોને અને સંસ્થાઓને લોકો પ્રત્યે ઉત્તરદાયી બનાવવા માટે પ્રયાસ કરે એ ઈચ્છનીય છે.

નાગરિકોની આ અપેક્ષાને માત્ર નૈતિક રીતે જોવાની જરૂર નથી. પરંતુ તેને આંતરિક અને બાહ્ય અંકુશ તરીકે જોવાની આવશ્યકતા છે. સમાજના તમામ હિતધારકો ઉત્તરદાયિત્વ ઊભું કરે અને એ મુજબ વર્તે તે માટે નીતિઓ, નિયમો, નિયમનો અને માર્ગરેખાઓ તૈયાર થાય અને તેમનું પાલન થાય એ અનિવાર્ય છે. ભ્રષ્ટ રાજનીતિ, અર્થનીતિ અને સમાજનીતિનો આ જ એક ઉપાય છે.

# સામાજિક રક્ષણ: વિભાવના અને વ્યવહાર

વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના માહોલે દુનિયાભરમાં કરોડો લોકોના જીવનનિર્વાહ, સલામતી અને રક્ષણ ઉપર વિપરીત અસર કરી છે. તેમને માટે સામાજિક રક્ષણ કેવી રીતે ઊભું કરવું એ રાજ્ય માટે મોટો પડકાર છે. 'ઉન્નતિ'નાં **સુશ્રી દીપા સોનપાલ** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા લખાયેલા આ લેખમાં સામાજિક રક્ષણનો ખ્યાલ, તેની જરૂરિયાત, નીતિઓ અને વ્યવહારિક આવશ્યકતાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

બજારની નિષ્ફળતા તમામ લોકોને વસ્તુઓ અને સેવાઓ પૂરા પાડવામાં દેખીતી હોય છે જ કારણ કે સૌની પાસે ઈચ્છનીય પ્રમાણમાં ખરીદશક્તિ હોતી નથી. તેથી સૌને અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની વસ્તુઓ અને સેવાઓ પણ પ્રાપ્ત થતી નથી. તેથી સેવાઓ અને વસ્તુઓ તેમને રાજ્ય પૂરી પાડે એવા ખ્યાલમાંથી કલ્યાણ રાજ્યનો ખ્યાલ ઊભો થયો. ૨૦મી સદીના મધ્ય ભાગમાં ઊભા થયેલા આ ખ્યાલને પરિણામે રાજ્ય દ્વારા સામાજિક સલામતી પૂરી પાડવાની અનેક યોજનાઓ ઘડાઈ અને અમલમાં મૂકાઈ. કલ્યાણના આ અભિગમમાં રાજ્ય કેન્દ્રમાં હતું અને લોકો લાભાર્થીઓ હતા, તેઓ રાજ્ય તરફથી પૂરી પાડવામાં આવતી વસ્તુઓ અને સેવાઓના લાભાર્થીઓ હતા. રાજ્ય વિશેનો ખ્યાલ હવે બદલાયો છે અને રાજ્ય વધારે પારદર્શક, વિકેન્દ્રિત, સહભાગી અને ઉત્તરદાયી બને એવી અપેક્ષા રખાઈ રહી છે કારણ કે લોકો માત્ર લાભાર્થીઓ નથી પણ નાગરિકો છે. તેઓ ફરજો અને અધિકારો ધરાવે છે, લોકશાહીમાં તેઓ સક્રિય સહભાગીઓ બન્યા છે.

બીજી તરફ, વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ ઉદારીકરણ અને ખાનગીકરણનો જે માહોલ ઊભો કર્યો છે તેમાં કરોડો લોકો બજારમાં ખરીદશક્તિના અભાવે વસ્તુઓ અને સેવાઓથી જ વંચિત રહી જાય છે એટલું જ નહિ, પણ તેઓ તકવંચિત બને છે. રાજ્ય સંકોચાઈ રહ્યું છે અને બજાર વિસ્તરી રહ્યું છે ત્યારે સમાજના આ રહિતોને માટે સામાજિક રક્ષણ (સોશ્યલ પ્રોટેક્શન)ની જરૂર ઊભી થઈ છે. વળી, સામાજિક રક્ષણની વ્યવસ્થા રાજ્ય તરફથી થતું દયાદાન ન હોય પણ નાગરિકોને એ અધિકારની રૂએ મળે એ ખ્યાલ પણ તેમાં મહત્ત્વનો છે.

વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણને પરિણામે જે પરિસ્થિતિ આ સંદર્ભમાં ઊભી થઈ છે તેને આ મુજબ વર્ણવી શકાય:

(૧) દેશોની અંદર અને દેશો વચ્ચે અસમાનતા વધી રહી છે.

(૨) સામાજિક ક્ષેત્રો માટે ખર્ચ કરવા માટે રાજ્ય પાસેનાં નાણાકીય સ્રોતો વિલાઈ રહ્યાં છે અને રાજ્ય શિક્ષણ અને આરોગ્ય જેવાં ક્ષેત્રોમાંથી ધીમે ધીમે બહાર નીકળી રહ્યું છે, અને એ માટે ઓછું ખર્ચ કરી રહ્યું છે.

(૩) દુનિયાભરમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે કે જેઓ પોતાનો જીવનનિર્વાહ રળવા માટે અશક્ત હોય છે.

સામાજિક રક્ષણ પૂરું પાડવાની જરૂરિયાત આ રીતે વધી છે. અસહાયતા દૂર થાય અને બજાર કે અન્યો દ્વારા ઊભાં થતાં જોખમો સામે રક્ષણ મળે એ માટે સામાજિક રક્ષણ જરૂરી છે. સામાજિક સલામતીનો ખ્યાલ કલ્યાણ રાજ્યમાં વિકસ્યો, તેમાં મોટે ભાગે આપત્તિ અને જોખમ સામે રક્ષણ આપવાનો ખ્યાલ હતો. સામાજિક રક્ષણની વિભાવનામાં જોખમો ઊભાં જ ના થાય તો માટેની અને ઊભાં થાય તો રક્ષણ માટેની વ્યવસ્થા અગાઉથી કરવાની રાજ્યની યોજનાઓ ઘડવાનો અને તેમનો અમલ કરવાનો સમાવેશ થાય છે.


## અનૌપચારિક ક્ષેત્રમાં સામાજિક રક્ષણની આવશ્યકતા

વૈશ્વિકીકરણને પરિણામે શ્રમ બજાર વધુ ને વધુ અનૌપચારિક કે અસંગઠિત બની રહ્યું છે અને તેથી સામાજિક રક્ષણ વિશે વધુ ને વધુ ચિંતા સેવાઈ રહી છે. સંગઠિત ક્ષેત્ર ન વધવાને લીધે કે ઘટવાને કારણે ગરીબીનું પ્રમાણ વધી રહ્યું હોવાનું પણ બન્યું છે અને તેથી પણ સામાજિક રક્ષણ વધે અને મજબૂત બને એ અનિવાર્ય બની ગયું છે. 'સામાજિક સુરક્ષા જાળ' જેવી સરકારી યોજનાઓ ઘણી વાર બહુ અસરકારક બની નથી અથવા ઘણી વાર એવી યોજનાઓ અસ્તિત્વમાં જ છે કે કેમ તેની ખબર પડતી નથી. તેથી કામદારોની અને તેમના પરિવારોની સલામતી પણ ઘટી છે કારણ કે આવકની સલામતીની કોઈ ખાતરી રહી નથી. જેવી હોય તેવી 'સામાજિક સુરક્ષા જાળ' પણ બરાબર કામ કરતી દેખાતી નથી.

વળી, શ્રમ ધોરણોના અમલ માટે ઘડાયેલા કાયદાનો ઉદારીકરણના નામે છેહ ઉડાડી દેવામાં આવે છે ત્યારે સામાજિક રક્ષણની વ્યવસ્થાઓની વિશેષ આવશ્યકતા રહે છે. અનૌપચારિક અને અસંગઠિત ક્ષેત્રમાં સામાજિક રક્ષણમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય:

(૧) **માનવ મૂડીમાં થતા મૂડી રોકાણનું રક્ષણ કરવું:** જેઓ નાના

## વિકાસ, સામાજિક રક્ષણ અને ગરીબીનું ચક્ર




નાના ધંધાઓ કરે છે તેમના આરોગ્ય સામે ઊભું થતું જોખમ ટૂંકા ગાળામાં અને લાંબા ગાળામાં તેમની આવકની સલામતી સામે ખતરો ઊભો કરે છે. તેથી આરોગ્ય માટે રક્ષણ પૂરું પાડવું. એ માનવ મૂડીમાં થતું રોકાણ કહેવાય.

(૨) **ભૌતિક મૂડીમાં થતા મૂડી રોકાણનું રક્ષણ કરવુંઃ** ધંધા માટે જરૂરી ભૌતિક અસ્કામતોને વારંવાર નુકસાન પહોંચે છે અને તેને લીધે આવક ગુમાવવાનો ખતરો વધારે રહે છે. કુદરતી અને માનવ સર્જિત આપત્તિઓને લીધે અસંગઠિત ક્ષેત્રને આવું નુકસાન થતું જ હોય છે. ત્યારે તેને માટે રક્ષણ પૂરું પાડવું અનિવાર્ય બની જાય છે.

(૩) **લઘુતમ આવકની ખાતરીઃ** લઘુતમ વેતન અંગેના કાયદા હોય છે જ પણ અસંગઠિત ક્ષેત્રમાં આવા કાયદા હોતા નથી અથવા હોય છે તો તેમનું પાલન થતું નથી. વળી, જેઓ પોતાના ધંધા ચલાવીને સ્વરોજગારી મેળવે છે તેમને માટે આવકની સલામતીનું જોખમ ભારે હોય છે અને ત્યારે તેમને સામાજિક સહાય પૂરી પાડવાનો પડકાર ઊભો થાય છે.

(૪) **આવકમાં થતા ફેરફાર રોકવાઃ** અનૌપચારિક ક્ષેત્રમાં બેકારીનું જોખમ વિશેષ હોય છે અને તેથી આવકની અસલામતીનો ખતરો પણ વિશેષ હોય છે. જ્યારે ભૌતિક મૂડી અને માનવ મૂડીને હાનિ પહોંચે છે ત્યારે અથવા બજાર સંબંધી જોખમો અને અનિશ્ચિતતાઓ વધે છે ત્યારે આવક સર્જનની પ્રવૃત્તિમાં ખલેલ પહોંચે છે. તેવા સમયે સામાજિક રક્ષણની આવશ્યકતા રહે છે.

(૫) **વૃદ્ધાવસ્થામાં સલામતીઃ** વૃદ્ધાવસ્થાને લીધે જ્યારે અસંગઠિત ક્ષેત્રના લોકો કામ કરી શકે તેવી સ્થિતિમાં રહેતા નથી ત્યારે તેઓ ગરીબીમાં સરી પડે એવી શક્યતાઓ વધારે રહે છે. તેથી ખાનગી બચત કે વીમા યોજનાઓ દ્વારા સલામતીની ખાતરી ઊભી કરવાની જરૂર હોય છે.

### સામાજિક રક્ષણનો અર્થ

સામાજિક રક્ષણનો અર્થ સામાન્ય રીતે અસહાયતા, જોખમ અને વંચિતતાનાં વિવિધ સ્તરોના પ્રતિભાવનાં લેવાયેલાં જાહેર પગલાં છે, કે જ્યાં એ સ્તર રાજકીય રીતે કે સામાજિક રીતે અસ્વીકાર્ય હોય છે. સામાજિક રક્ષણ એ રીતે સૌથી ગરીબ લોકોની સંપૂર્ણ વંચિતતા અને અસહાયતા બન્નેનો સામનો કરે છે. ઉપરાંત, જેઓ ગરીબો નથી તેમને તેમના જીવનમાં જુદી જુદી ઘટનાઓના સંદર્ભમાં જે આઘાતો સહન કરવા પડે છે તેમની સલામતીની જરૂરિયાતને પણ સંતોષે છે. આ પ્રતિભાવ 'જાહેર' છે એનો અર્થ એ છે કે તે સરકારી કે બિન-

## સામાજિક રક્ષણ પાછળનો તર્ક

સામાજિક રક્ષણની નીતિઓ રાજ્યે ઘડવી જોઈએ અને તેમનો અમલ કરવો જોઈએ એ પાછળનો મુખ્ય તર્ક નીચે મુજબ છેઃ

૧) સુધારાના કાર્યક્રમો માટે તેથી સામાજિક ટેકો મળી રહે છે.
૨) સામાજિક ન્યાય અને સમતાને તે પ્રોત્સાહન આપે છે, અને આર્થિક વૃદ્ધિને તે વધુ કાર્યક્ષમ અને સમતાપૂર્ણ બનાવે છે.
૩) જેઓ શ્રમ બજારની બહાર છે અથવા સલામત જીવન નિર્વાહ મેળવવા માટે જેમની પાસે અસ્કામતો નથી કે અપૂરતી છે તેમને નીતિવિષયક ટેકો મળી રહે છે.
૪) તમામ નાગરિકોને નાણાકીય કટોકટીઓ સહિતનાં જોખમો સામે રક્ષણ પુરું પાડે છે.
૫) તમામને માટે પાયાનાં સ્વીકૃત એવાં જીવનનિર્વાહનાં ધોરણો તે સુનિશ્ચિત કરે છે.
૬) ગરીબ પરિવારો અને સમુદાયો માટે માનવ મૂડીમાં રોકાણ કરવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.
૭) સામાજિક સંવાદિતા, એકતા અને સ્થિરતાને તે પ્રોત્સાહન આપે છે.
૮) જીવનનિર્વાહની સલામતી વધારનારી પરંપરાગત અને અનૌપચારિક વ્યવસ્થાઓની અસરકારકતા ઘટે તો તેના બદલામાં તે કામ આપે છે.
૯) માનવ મૂડીના વિકાસ માટે અને પાયાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી પાયાની સેવાઓ સૌને મળે એ તે સુનિશ્ચિત કરે છે.

સરકારી હોઈ શકે છે અથવા એ બંને ક્ષેત્રોની સંસ્થાઓના સંયોજનનો પણ તેમાં સમાવેશ થઈ શકે છે.

સામાજિક રક્ષણ ત્રણ રીતે આર્થિક સુખાકારી તરફ દોરી જાય છેઃ

(૧) તે સલામતી વધારે છે, કારણ કે તેનાથી પરિવારો અને સમુદાયોને આર્થિક, રાજકીય, પર્યાવરણીય, આરોગ્યલક્ષી કે અન્ય આઘાતોના સંદર્ભોમાં તેમનો જીવનનિર્વાહ ટકાવવામાં મદદ કરે છે. ઉપરાંત, આવા આઘાતો આવતા પણ ઘટાડવામાં મદદ કરે છે.

(૨) તે સમાનતા ઊભી કરવામાં પ્રદાન આપે છે. તે માટે તેમાં બે બાબતો છેઃ (ક) તમામ પરિવારો તેમના બાળકોને પાયાનું શિક્ષણ આપી શકે તેવી તકની સમાનતા ઊભી થાય તેવો પૂરતો જીવનનિર્વાહ તેમને મળે તેને પ્રોત્સાહન મળે છે. ઉપરાંત, માનવવિકાસ માટે જરૂરી આરોગ્ય અને પોષણનાં ધોરણો સાચવવામાં તે મદદ કરે છે. (ખ) સૌથી ગરીબ લોકોનાં વપરાશ અને જીવનનિર્વાહનું સ્તર ઊંચું લાવે છે.

(૩) તે વૃદ્ધિને પણ ત્રણ રીતે પ્રોત્સાહન આપે છે. (ક) પાયાના માનવ વિકાસ માટે તમામ પરિવારો પાસે જરૂરી સંસાધનો ઊભાં કરે છે કે જેથી તેઓ કુશળ અને ઉત્પાદક શ્રમ બને છે. (ખ) સામાજિક એકતાનાં મૂલ્યોનું દ્ઢીકરણ થાય છે અને એ રીતે લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે જરૂરી સામાજિક સંવાદિતા ઊભી કરે છે. (ગ) એવું પર્યાવરણ તેનાથી ઊભું થાય છે કે જેમાં વ્યક્તિઓ અને પરિવારો જો આ વ્યૂહરચનાઓ તૂટી પડે તો આપત્તિ આવશે એવા ભય વિના જીવનનિર્વાહ બદલી શકે છે અને તેને સ્વીકારી શકે છે.

આ સંદર્ભમાં જોઈએ તો, સામાજિક રક્ષણ એટલે એવી નીતિઓ અને કાર્યક્રમો કે જે અસહાય જૂથોને જોખમો રોકવામાં, ઘટાડવામાં અને તેમનો સામનો કરવામાં શક્તિમાન બનાવે છે. આ નીતિઓ અને કાર્યક્રમો-

(૧) અસહાય જૂથોને લક્ષ્યાંક બનાવે છે.
(૨) રોકડ સ્વરૂપમાં કે વસ્તુના સ્વરૂપમાં અસહાય જૂથોને સહાય કરે છે.
(૩) એવી પ્રવૃત્તિઓ નથી કે જે સામાન્ય રીતે ગ્રામ વિકાસ, પાયાની માળખાગત સવલતો, આરોગ્ય અને શિક્ષણ સાથે સંકળાયેલી હોય.

ખાસ કરીને, એશિયાના દેશોમાં સામાજિક રક્ષણ (સોશ્યલ પ્રોટેક્શન) શબ્દોને ઉપયોગ થતો નથી પણ સામાજિક સલામતી (સોશ્યલ સિક્યુરિટી), સામાજિક કલ્યાણ (સોશ્યલ વેલફેર) અને સામાજિક સુરક્ષા જાળ (સોશ્યલ સેફ્ટી નેટ) એવા શબ્દો વપરાય છે.

## સામાજિક રક્ષણના જુદા જુદા અભિગમો

(૧) એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)

- શ્રમ બજારને કાર્યક્ષમ અને અસરકારક બનાવવું.
- જોખમો સામે વ્યક્તિઓને રક્ષણ આપવું કે જે જોખમો ખેતી કે શ્રમ બજારમાં ઊભાં થતાં હોય.
- બજાર વ્યક્તિઓને ટેકો આપવામાં નિષ્ફળ જાય ત્યારે તેમને ટેકો આપવો.

(૨) આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ)

- પરિવારો અને વ્યક્તિઓને લાભો પૂરા પાડવા.
- એ લાભો આપવા માટે જાહેર કે સામૂહિક વ્યવસ્થાઓ કરવી.
- નીચા કે ઘટતા જતા જીવનધોરણ સામે રક્ષણ પૂરું પાડવું.
- પાયાનાં જોખમો સામે અને પાયાની જરૂરિયાતો સંતોષવા માટે

રક્ષણ પૂરું પાડવું.

(૩) વિશ્વ બૅંક

- માનવ મૂડીલક્ષી જાહેર દરમ્યાનગીરીઓ કરવી.
- વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયો પોતે જોખમોનું સારી રીતે સંચાલન કરી શકે તે માટે તેમને મદદ કરવી.
- અક્ષમ ગરીબોને ટેકો પૂરો પાડવો.

## સામાજિક રક્ષણની નીતિઓ અને કાર્યક્રમોના સિદ્ધાંતો

સામાજિક રક્ષણ અંગેની નીતિઓ અને કાર્યક્રમો નીચે મુજબના સિદ્ધાંતોને અનુસરનારાં હોવાં જોઈએઃ

(૧) જેમને લાભ આપવા માટે આ નીતિઓ અને કાર્યક્રમો છે તેમના જીવનનિર્વાહની જરૂરિયાતો, વાસ્તવિક્તાઓ અને સ્થિતિઓ પ્રત્યે તે પ્રતિભાવાત્મક હોય.

(૨) સરકારના અંદાજપત્રમાં તે લાંબા ગાળે અને ટૂંકા ગાળે પોસાય તેવાં હોય. એટલે કે તે પરિવારો અને સમુદાયો ઉપર ગેરવાજબી બોજો લાદનારાં ના હોય, અને એ રીતે બજેટનું આયોજન થાય.

(૩) નાણાકીય અને રાજકીય રીતે તે ટકાઉ હોય. સરકારની સામાજિક રક્ષણ માટેની ભૂમિકા એવી હોય કે જેમાં સૌથી ગરીબ લોકોને સહાય મળે.

(૪) સરકારનાં માળખાં ટકાઉ હોય અને તેમાં સંસ્થાગત રીતે સામાજિક રક્ષણને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવ્યું હોય.

(૫) વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોની ક્ષમતાઓનો ઉપયોગ થાય અને અવલંબન તથા કલંક ઊભું ન થાય.

(૬) ઝડપથી બદલાતી જતી પરિસ્થિતિ સાથે તે મેળ ખાનારું હોય અને નવા પડકારોને ઝીલી લેનારાં હોય. સૌથી ગરીબ લોકોના જીવનમાં બદલાતી જતી માંગને ટેકો આપનારાં હોય.

## સામાજિક રક્ષણ, વિકાસની પ્રક્રિયા અને ગરીબીમાં ઘટાડો

વિકાસની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવામાં અસરકારક સામાજિક રક્ષણની નીતિની ભૂમિકા મહત્ત્વની છે. સામાજિક રક્ષણની નીતિથી સામાજિક સંવાદિતા, માનવ વિકાસ અને જીવનનિર્વાહ મજબૂત થઈ શકે છે. એ રીતે તે વિસ્તૃત અને સમતાપૂર્ણ વૃદ્ધિને સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે. તેનાથી અસરકારક અને ઉત્તરદાયી શાસન મજબૂત બને છે. એ લોકસ્વીકૃતિ, આવક અને ક્ષમતા દ્વારા થાય છે કારણ કે તેમના વિના સામાજિક રક્ષણની નીતિ અસરકારક બની શકતી નથી. આ બાબત આ સાથેના આલેખમાં સમજાવાઈ છે. અસરકારક સામાજિક રક્ષણની નીતિ ઘડવામાં નીતિવિષયક પ્રાથમિકતાઓ નીચે મુજબની હોવી જોઈએઃ

### સામાજિક રક્ષણના કાર્યક્રમો

સામાન્ય રીતે ગરીબો, વંચિતો અને અસહાય લોકોને સામાજિક રક્ષણ પૂરું પાડવા માટે ભારતમાં જે કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે છે તે નીચે જણાવેલા પ્રકારના હોય છેઃ

**(૧) શ્રમ બજાર સાથે સંબંધિત કાર્યક્રમો**

- રોજગાર સર્જનના કાર્યક્રમો.
- રોજગારી વિનિમય કચેરીઓ અને રોજગારી માટેની અન્ય સેવાઓ.
- કૌશલ્ય વિકાસ અને તાલીમ.
- મજૂર કાયદાઓ કે જેમાં લઘુતમ વેતન, આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણો વગેરે નક્કી કરવામાં આવે છે.

**(૨) સામાજિક વીમાના કાર્યક્રમો**

- બેકારી, બીમારી, માતૃત્વ, વિકલાંગતા, ઔદ્યોગિક અકસ્માતો અને ઈજા અને વૃદ્ધાવસ્થા સાથે જોડાયેલાં જોખમોની સામે રક્ષણ.
- આરોગ્યનો વીમો.

**(૩) સામાજિક સહાય અને કલ્યાણના કાર્યક્રમો**

- વિકલાંગો, નિરાધારો, આપત્તિગ્રસ્તો અને અન્ય અસહાય જૂથોને લક્ષ્યાંક બનાવીને અપાતી કલ્યાણલક્ષી કે સામાજિક સેવાઓ.
- રોકડ કે વસ્તુ સ્વરૂપે અપાતી સહાય કે જેમાં જાહેર વિતરણ વ્યવસ્થા, પેન્શન કે સબસિડીનો સમાવેશ થાય.
- સેવાઓ કે આવાસ વગેરે માટે આપવામાં આવતી કામ ચલાઉ સબસિડી.

**(૪) લઘુ યોજનાઓ કે વિસ્તાર પર આધારિત યોજનાઓ**

- લઘુ વીમો
- લઘુ ધિરાણ
- ખેતી ક્ષેત્રે પાક વીમો કે અન્ય વીમા
- આપત્તિના સામનાની તૈયારી અને આપત્તિનું સંચાલન

**(૫) બાળ રક્ષણ**

- બાળ અધિકારો વિશે જાગૃત્તિના કાર્યક્રમો અને હિમાયત
- બાળકોના યૌન શોષણ સામે રક્ષણના કાર્યક્રમો
- બાળ મજૂરીનો વિરોધ
- બાળકોના આરંભિક વિકાસની પ્રવૃત્તિઓ
- શિષ્યવૃત્તિ, ફીમાં માફી, શાળામાં ભોજન વ્યવસ્થા વગેરે જેવી શિક્ષણ માટેની સહાય.
- બાળકોને આરોગ્યની સહાય
- પરિવારોને બાળકો માટે સહાય અને કરવેરામાં રાહત
- રખડતાં, અનાથ અને મજૂર બાળકો માટેના કાર્યક્રમો

## રાજ્ય સિવાયની સંસ્થાઓ દ્વારા સામાજિક રક્ષણનો અનુભવ

વિકસતા દેશોમાં રાજ્ય સિવાયની સંસ્થાઓ દ્વારા સામાજિક રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આ સંસ્થાઓ નીચે મુજબ છેઃ

(૧) સામુદાયિક સંસ્થાઓઃ ભારતમાં જ્ઞાતિઓ એક સમુદાય તરીકે કામ કરે છે. અનેક જ્ઞાતિઓનાં મંડળો પોતાના જ્ઞાતિજનોને સામાજિક રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થાઓ કરે છે. આ વ્યવસ્થાઓ સ્વૈચ્છિક રીતે પ્રાપ્ત થતા દાનમાંથી કરવામાં આવતી હોય છે. સામાન્ય રીતે જ્ઞાતિઓને વિભાજક પરિબળ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ એ જ જ્ઞાતિઓ સંગઠિત રીતે પોતાના જ્ઞાતિજનો માટે શિક્ષણ, આરોગ્ય, તાલીમ, રોકડ કે વસ્તુ સ્વરૂપે સહાય અને વીમા જેવી સવલતો પૂરી પાડવામાં અગ્રેસર હોય છે.

(૨) પારિવારિક વ્યવસ્થાઃ ભારતમાં પરિવાર એક સામાજિક સંસ્થા તરીકે પરિવારના સભ્યોને અને સગાંઓ તથા સ્નેહીઓને સામાજિક રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા કરે છે. આ એક સાંસ્કૃતિક વિરાસત છે અને તે કૌટુંબિક સલામતી તો પૂરી પાડે જ છે પણ સામાજિક સલામતી પણ આપે છે.

(૩) ધાર્મિક સંસ્થાઓઃ અનેક સમાજોમાં ધાર્મિક સંસ્થાઓ ગરીબો અને વંચિતોને સામાજિક રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા લગભગ વિના મૂલ્યે અથવા ખૂબ જ ઓછી ફી લઈને કરતી હોય છે. આ સંસ્થાઓ પાછળ ધાર્મિક મૂલ્યો કામ કરે છે કે જે કલ્યાણલક્ષી ભાવનાથી ચાલતી હોય છે. દયા, દાન, સખાવત અને સહાયનાં ધાર્મિક મૂલ્યો આ સંસ્થાઓને જીવંત રાખે છે. આ સંસ્થાઓ ઘણી વાર ધાર્મિક રીતરિવાજો અને વાડાઓમાંથી બહાર ન આવે એમ પણ બને છે. પરંતુ પોતાના ધર્મની અંદર આ સંસ્થાઓ ખૂબ જ સક્રિય હોય છે. ખાસ કરીને કુદરતી આપત્તિઓના સમયે સામાજિક રક્ષણ પૂરું પાડવામાં તે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(૪) પારસ્પરિક સહાય અને સખાવતઃ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સખાવતી સંસ્થાઓ સામાજિક રક્ષણ પૂરું પાડવાની સેવાઓ આપતી હોય છે. તેઓ સમાજ પાસેથી દાન મેળવીને આ પ્રવૃત્તિ કરે છે. તેમાં કલ્યાણલક્ષી ખ્યાલ તો છે જ. પરંતુ સાથે સાથે તેમાં સશક્તિકરણની ભૂમિકા પણ તાજેતરમાં મહત્ત્વની સમજવામાં આવે છે. સૌથી ગરીબ લોકોને આ મદદ પૂરી પાડવામાં આ સંસ્થાઓ પરસ્પરને પણ સહાય કરે છે.

(૧) જેમને લાભ થવાનો છે તે જૂથોની જરૂરિયાતો, વાસ્તવિકતાઓ અને પ્રાથમિકતાઓથી સામાજિક રક્ષણની નીતિની શરૂઆત થવી જોઈએ. ગરીબોની જરૂરિયાતોને પ્રતિભાવ અપાય તે માટે અનેક પ્રકારનાં નીતિવિષયક અને કાર્યક્રમલક્ષી પરિબળો મહત્ત્વનાં બને છે. તેમાં શાસન, પારદર્શિતા અને માહિતીનું મહત્ત્વ વિશેષ છે. સરકાર માટે તેમાં મહત્ત્વની પ્રાથમિકતાઓ આ મુજબ રહેઃ

- ગરીબી અને વંચિતાના મુદ્દે માહિતીનો પાયો સ્થાપે. જાહેર ચર્ચા ઊભી થાય તે માટે આ માહિતી અસરકારક રીતે પ્રસરાવવામાં આવે.
- નાગરિકોનાં વિવિધ જૂથો અને સંસ્થાઓ સાથે વિચાર વિમર્શ કરવો અને અધિકારો અંગે સર્વસંમતિ સાધવી. તે પરિપૂર્ણ કરવામાં સરકારની ભૂમિકા શું રહેશે તેને વિશે પણ સર્વસંમતિ ઊભી કરવી.

(૨) જાહેર ક્ષેત્રની બહાર જે વિવિધ સંસ્થાઓ સામાજિક રક્ષણ પૂરું પાડવામાં કાર્યો કરે છે તેમને પણ ધ્યાનમાં લેવી. તેમની શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ થાય તે માટે રાજ્યે એ અંગે યોગ્ય નીતિ ઘડવી. સરકારની પ્રાથમિકતાઓમાં આ બાબતોનો સમાવેશ થાય.

- રાજ્ય સિવાયની સંસ્થાઓ અને વ્યવહારોને વિશે પૂરતી સમજ કેળવવી કે જે ગરીબોને વીમો અને સહાય પૂરાં પાડે છે.
- સ્થાનિક સ્તરનાં જૂથોને ટેકો આપવો કે જૂથો ગરીબોના જીવનનિર્વાહની સલામતી વધારતાં હોય. એ જૂથો સમાજના લોકોનાં વિવિધ જૂથો ઉપર પણ ધ્યાન આપતાં હોય છે. આવાં સ્થાનિક જૂથોમાં બચત અને ધિરાણ જૂથો, અનૌપચારિક વીમા જૂથો અને પારસ્પરિક સહાયનાં જૂથો, સાર્વજનિક મિલકત સંસાધનોનું સંચાલન કરનારાં જૂથો વગેરેનો સમાવેશ થાય છે.

(૩) સામાજિક રક્ષણ માટેની જાહેર નીતિમાં ગરીબો ઉપર નકારાત્મક અસર ઊભી કરનારા આઘાતો રોકવામાં પગલાં લેવાનાં છે. દા.ત. વ્યાપાર વિશેની યોગ્ય નીતિ કે સમગ્ર અર્થતંત્ર માટેની નીતિ, પૂર વગેરે સામે રક્ષણ, રોગચાળા સામે પ્રતિરોધાત્મક આરોગ્ય સંભાળ. ઉપરાંત, એવાં પગલાં લેવાનાં છે કે જે આ આઘાતોની અસર ઘટાડે. જેમ કે, ગરીબો માટે આવક સર્જનનાં વિવિધ સ્રોતોને પ્રોત્સાહન આપવું. વળી, એવાં પગલાં પણ રાજ્યે લેવાનાં છે કે જેથી જેમના પર આઘાત થયો છે એવા અસરગ્રસ્ત લોકોને તે મદદ કરે.

(૪) સૌથી ગરીબ લોકોને સરકારની નીતિ મદદ કરે એ એક પ્રાથમિકતા છે. વિશેષ સહાયની જેમને જરૂર છે એવાં જૂથોને ઓળખવાં અને તેમની જરૂરિયાતોને પ્રતિભાવ આપવા માટે યોગ્ય નીતિ ઘડવી એ મોટો પડકાર છે. આ માટે નીચના વિવિધ પડકારોનો સામનો કરવાનો રહે છેઃ

- સૌથી ગરીબ અને સૌથી અસહાય લોકોને ઓળખી કાઢવા કે

જેમને સહાય આપી શકાય.

- જેઓ સૌથી નબળા છે તેઓ પોતાની માગણીઓ, જરૂરિયાતો, અધિકારો અને ચિંતાઓ વ્યક્ત કરે તેવી સ્થિતિ ઊભી કરવા રાજ્યે પોતાનાં માળખાંને મજબૂત કરવાં.
- સૌથી ગરીબ લોકોનું પ્રતિનિધિત્વ કરતાં નાગરિક જૂથોની ક્ષમતા વધારવી કે જેથી સેવાઓ પૂરી પાડનારાઓને ઉત્તરદાયી ઠરાવી શકાય.
- જાહેર સેવાઓ પૂરી પાડનારી સંસ્થાઓની ક્ષમતા વધારવી અને તેમાં પારદર્શિતા લાવવી કે જેથી લક્ષ્યાંકિત જૂથો સુધી એ સેવાઓ પહોંચે.

## ગરીબોને રોકડ રકમ આપવાની વિભાવના

ભારતમાં ગરીબોને સામાજિક રક્ષણ આપવાના સંદર્ભમાં લગભગ ૬ દાયકા કરતાં વધારે સમયથી જાહેર વિતરણ વ્યવસ્થા કામ કરે છે. ગરીબોને આ વ્યવસ્થા હેઠળ ઓછા ભાવે અનાજ, કઠોળ, તેલ, ખાંડ અને કેરોસિન પૂરું પાડવામાં આવે છે. આ કાર્યક્રમ પાછળ સરકાર કરોડો રૂપિયાની સબસિડીનો ખર્ચ કરે છે. પરંતુ આ કાર્યક્રમ જોઈએ તે પ્રમાણમાં સફળ થયો નથી. પરિણામે, ગરીબોને સામાજિક રક્ષણ પૂરું પાડવાના પ્રયાસરૂપે ભારતમાં હવે સરકાર લાભાર્થીઓને સીધાં જ નાણાં આપવાનું વિચારી રહી છે.

વાસ્તવમાં, કેટલાંક રાજ્યોમાં એવી યોજનાઓ છે કે જ્યાં રોકડ રકમનો ઉપયોગ ગરીબોને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે. શરતી રોકડ તબદીલી (કન્ડિશનલ કેશ ટ્રન્સફર) હેઠળ પરિવારોને એવી શરતે રોકડ રકમ આપવામાં આવે છે કે તેઓ તેમનાં બાળકોને શાળાએ મોકલે. સરકારે વિકાસ માટેની તેની વ્યૂહરચના બદલવા માટે આ મુજબ કારણો આપ્યાં છેઃ

(૧) વિકાસલક્ષી કાર્યક્રમો લોકો સુધી પહોંચે તેમાં ખૂબ જ ખર્ચ થાય છે.

(૨) જે ખરેખર લાભાર્થી બનવા જોઈએ તેમના સુધી લાભો પહોંચતા નથી.

(૩) વિકાસલક્ષી કાર્યક્રમોની અસર લાંબા ગાળા સુધી રહેતી નથી. દા. ત. ભારતમાં ગરીબોની સંખ્યા છેલ્લા ત્રણ દાયકાથી લગભગ યથાવત્ રહી છે.

### સબસિડીનો ભાર

અન્ન અને ખાતર ઉપરની સબસિડી કેન્દ્ર સરકારની કુલ સબસિડીમાં ખૂબ જ મોટી છે તેથી એ બે ક્ષેત્રોમાં શરતી રોકડ તબદીલીની પદ્ધતિ દાખલ કરવાનું ભારત સરકાર વિચારી રહી છે. ભારે સબસિડીને કારણે જાહેર વિતરણ વ્યવસ્થામાં ભારે લૂંટ થાય છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ ગરીબ પરિવારોને રૂ. ૨૦૦નું અનાજ આપવા માટે રૂ. ૧૫૪૪ ખર્ચે છે એમ અન્ન અને જાહેર વિતરણ વિભાગનો અંદાજ જણાવે છે. રોકડ રકમ વહેંચવાની પદ્ધતિમાં જાહેર વિતરણ વ્યવસ્થામાં અનાજનો ભાવ કદાચ બજાર ભાવ રખાય અને એનું અનાજ બીજે ના વળી જાય એમ બને. સરકાર તો માત્ર સબસિટી જેટલી જ રોકડ

### સામાજિક રક્ષણઃ સમગ્ર જીવન માટેનું રોકાણ

મનુષ્યો તેમના જીવન દરમ્યાન અનેક પ્રકારનાં જોખમોનો સામનો કરે છે. આ જોખમો સ્થિર નથી રહેતાં, પણ બદલાયા કરે છે. એવી કોઈ ઉંમર હોતી નથી કે જ્યારે જોખમ ના હોય અને તેથી સામાજિક રક્ષણ જરૂરી હોય છે. જીવનના જુદા જુદા તબક્કાઓમાં સામાજિક રક્ષણ અંગેની નીતિઓ તેમનાં આ જોખમોને અસર પહોંચાડે જ છે. એટલે સામાજિક રક્ષણ માટેનું મૂડી રોકાણ એક સતત ચાલતી પ્રક્રિયા છે. તેથી તેમાં નીચે મુજબના સવાલો પૂછીને સામાજિક રક્ષણ માટેની વ્યવસ્થાઓ વિચારવી પડે તેમ હોય છેઃ

(૧) એક ગરીબ કામદાર જીવન જીવે છે તેના કરતાં જુદું જીવન એક શોષિત બાળ મજૂર કેવી રીતે જીવી શકે?

(૨) સ્થળાંતરિત મજૂરોની ગરીબી કેવી રીતે દૂર થઈ શકે અને તેઓ છેવાડે ફેંકાઈ ના જાય તેવું કેવી રીતે બની શકે?

(૩) જન્મથી કે અન્ય રીતે વિકલાંગ બનેલા લોકોની ગરીબીનું નિવારણ કેવી રીતે થઈ શકે?

(૪) ગરીબ વ્યક્તિ પોતે ઓછી બીમાર પડે તેવી આશા કેવી રીતે રાખી શકે? અને ગંભીર રીતે બીમાર વ્યક્તિ ગરીબીમાં સરી ના પડે એવું કેવી રીતે બની શકે?

(૫) એઈડ્સ કે અન્ય બીમારીઓ ધરાવતી વ્યક્તિ છેવાડે ફેંકાઈ ના જાય અને અવગણના ના પામે એવું કેવી રીતે બની શકે?

(૬) વૃદ્ધ કે અશક્ત વ્યક્તિ પોતનાં સગાંવહાલાં માટે બહુ મોટો બોજો બન્યા વિના કેવી રીતે જીવી શકે?

(૭) ગરીબ કામદારો ગરીબીના ચક્રને તોડીને કેવી રીતે બહાર આવી શકે? તેમાં પરિસ્થિતિનું યોગ્ય રીતે વિશ્લેષણ કેવી રીતે થાય અને વાસ્તવવાદી તથા અસરકારક ઉકેલો કેવી રીતે આવે?

(૮) સૌથી વધારે તકવંચિત લોકોને સામાજિક રક્ષણ કેવી રીતે મળી શકે? તેમને આવશ્યક વસ્તુઓ અને સેવાઓ મળે અને તેમની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય એવું કેવી રીતે બને?

## સામાજિક રક્ષણના સાધન તરીકે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના

ભારતના બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કામનો હક રાજ્ય આપે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યને માત્ર માર્ગદર્શન આપે છે. એ સિદ્ધાંતો અનુસાર રાજ્ય વર્તે જ એવી ફરજ બંધારણ પાડતું નથી. તેથી ભારતમાં કામનો અધિકાર પ્રસ્થાપિત થયો ન હતો.

સામાન્ય રીતે ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાન સરેરાશ ૭થી ૯ ટકા બેકારીનો દર રહ્યો છે અને બેકારો તેમના જીવનનિર્વાહ માટે અસહાય હોય છે. ખાસ કરીને આર્થિક મંદીના સંજોગોમાં બેકારીનો દર ઊંચો જાય છે. તેવા સમયે રોજગાર માટેની ખાતરી ઊભી થાય તે મોટા પ્રમાણમાં સામાજિક રક્ષણ ઊભું કરે છે.

દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં બેકારી દૂર કરવા માટે અને રોજગારીના સર્જન માટે સમયે સમયે ભારત સરકારે અને રાજ્ય સરકારોએ અનેક યોજનાઓ ઘડી હતી. તેમાં જવાહર રોજગાર યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ, કામને સાટે અનાજ કાર્યક્રમ અને એ સિવાયની રાજ્ય સરકારોની યોજનાઓનો સમાવેશ થતો હતો. તેમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા લગભગ ૩૫ વર્ષ અગાઉ રોજગાર બાંયધરી યોજના દાખલ કરવામાં આવી હતી તે રોજગાર માટે બાંયધરી આપતી હતી. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના આ યોજનાનું એક વિસ્તૃત સ્વરૂપ છે.

૨૦૦૫માં અમલમાં મૂકવામાં આવેલી આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીના સર્જન માટે બાંયધરી આપે છે. આ એક એવી પહેલી રોજગાર સર્જનની યોજના છે કે જે કાયદા દ્વારા અસ્તિત્વમાં આવી છે. આ રીતે આ કાયદાએ કામના અધિકારને બંધારણીય મૂળભૂત અધિકાર નહિ પણ કાનૂની અધિકાર તરીકે પ્રસ્થાપિત કર્યો છે. જે લોકો ગ્રામ વિસ્તારોમાં બેકાર છે અને શારીરિક શ્રમનું કામ કરવા તૈયાર છે અને જેઓ કામની માંગણી કરે છે તેમને સરકાર દ્વારા ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવાની ખાતરી આપવામાં આવી છે. જો સરકાર રોજગારી પૂરી પાડી શકે નહિ તો તેણે કાયદા દ્વારા બેકારી ભથ્થું આપવાની ખાતરી આપી છે અને એ રીતે રોજગારીનું રક્ષણ ઊભું થયું છે જે સામાજિક રક્ષણનો એક અગત્યનો ભાગ છે.

### યોજનાના અમલનાં પગથિયાં

- બિનકુશળ મજૂરી કરવા ઈચ્છતા ગ્રામીણ કુટુંબો નોંધણી માટે અરજી કરે.
- ઉંમર તથા રહેઠાણની વિગતો ચકાસ્યા પછી ગ્રામ પંચાયત 15 દિવસની અંદર જોબ કાર્ડ આપે.
- મજૂરો કામની માગણી કરે છે. ગ્રામ પંચાયત તેની રસીદ આપે છે. કામ જોઈતું હોય તેવા દરેક વખતે કામની માગણી કરવી પડે છે.
- ગ્રામ પંચાયત 15 દિવસની અંદર કામ પૂરું પાડે છે.
- કામની માપણી થાય પછી 15 દિવસની અંદર વેતન ચૂકવાય છે.
- ગ્રામ સભા કાર્ય અને તેની અગ્રતા સૂચવે છે.
- આ સૂચનોના આધારે ગ્રામ પંચાયત આયોજન કરે.
- ગ્રામ પંચાયતનાં આયોજનો એકત્ર કરી અને જિલ્લા તથા તાલુકા સ્તરે આયોજન કરી ટેકનિકલ અને વહીવટી મંજૂરીવાળાં કામોની યાદી તૈયાર થાય.
- મંજૂર થયેલા કામોની ગ્રામ પંચાયતને માહિતી અપાય છે.

રોજગારીના રક્ષણ થકી આવક અને વપરાશનું સ્તર ઊંચું જાય એ સ્વાભાવિક છે. પરિણામે ગ્રામ વિસ્તારોમાં રોજગારી વધે તો સ્થળાંતર પણ ઘટે એ તેનું આડકતરી રીતે ઊભું થતું પરિણામ છે. રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજનાનો અમલ સ્થાનિક સ્તરે ગ્રામ પંચાયતો દ્વારા થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામ સભા કામનું આયોજન કરે છે અને કામને મંજૂરી આપે છે. તેથી સામાજિક રક્ષણ માટેની મોટી જવાબદારી પંચાયતી રાજની સંસ્થાઓ ઉપર આવી પડી છે એમ ચોક્કસ કહી શકાય.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ કામના સ્થળે પૂરી પાડવામાં આવનારી સવલતો મૂળભૂત રીતે સામાજિક રક્ષણ પૂરું પાડે છે. ઉપરાંત, ૨૦૧૧-૧૨થી આ યોજના હેઠળ કામ કરતા કામદારોને આપવામાં આવતું વેતન ભાવ વધારા સાથે જોડવામાં આવ્યું છે. આ રીતે વાસ્તવિક વેતનનું સામાજિક રક્ષણ આ યોજના હેઠળ પૂરું પાડવામાં આવ્યું છે જે ભારત સરકાર કે રાજ્ય સરકારોની અગાઉની રોજગાર સર્જન યોજનાઓનું લક્ષણ ન હતું.

રકમ ગરીબોને આપે. જે યુનિક આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામ ચાલી રહ્યો છે તેમાં સ્માર્ટ કાર્ડ અપાશે અને એ કાર્ડ ઉપર રોકડ રકમ મળશે. જાહેર વિતરણ વ્યવસ્થામાં જે ભ્રષ્ટાચાર થાય છે તેનો આ ઉપાય છે એમ સમજવામાં આવે છે. આયોજન પંચે રોકડ તબદીલીની પદ્ધતિ અંગે એક રૂપરેખા તૈયાર કરી છે. તેમાં એવી દલીલ કરવામાં આવી છે કે, "ભારતમાં અલક્ષ્યાંકિત અથવા ખરાબ રીતે લક્ષ્યાંકિત સબસિડીનો લાંબો ઈતિહાસ છે. તેમને બદલવાની જરૂર છે. ખાસ કરીને તેનું કારણ એ છે કે આ સબસિડીઓનો રાજકોષીય બોજો ૨૦૦૮ પછીની આર્થિક કટોકટી બાદ જે અનેક પ્રોત્સાહન પેકેજ અપાયાં તે પછી વધુ ને વધુ અસહ્ય બની ગયો છે."

**પાંચ કાર્યક્રમોનું આવરણ**

આયોજન પંચ માટે તૈયાર કરાયેલા એક અભ્યાસપત્રમાં શરતો સાથેની રોકડ તબદીલીમાં પાંચ કાર્યક્રમો માટે સૂચન કરાયું છે. તેમાં બીપીએલ પરિવારોને લઘુતમ આવકની બાંયધરી માટે અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા અનાજને બદલે રોકડ રકમ આપવાનું સૂચન છે. ઉપરાંત, સંકલિત બાળ વિકાસ યોજના (આઈસીડીએસ)ને બદલે પણ રોકડ રકમ આપવાની યોજનાની દરખાસ્ત તેમાં છે.

જાહેર વિતરણ વ્યવસ્થા માટે રોકડ તબદીલી કરવાનું દબાણ અન્ન અને જાહેર વિતરણ વિભાગ તરફથી જ આપ્યું હતું. એ મંત્રાલયે પ્રાયોગિક ધોરણે એનો અમલ કરવા માટે રૂ. ૨૪૨ કરોડનું અનુદાન નાણાં મંત્રાલય પાસે માગ્યું હતું. ૨૦૦૯-૧૦ના આર્થિક સર્વેક્ષણમાં પણ પ્રાયોગિક ધોરણે આવી યોજનાનો અમલ કરવાની દરખાસ્ત કરાઈ હતી. આ યોજના હેઠળ લોકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળવાપાત્ર અનાજ જેટલી કૂપન મળે. લોકો એ કૂપનનો ઉપયોગ ખુલ્લા બજારમાંથી અનાજ ખરીદવા માટે કરે. દુકાનદાર પછી કોઈ પણ બેંકમાં જઈને એ કૂપન સામે રોકડ રકમ લઈ લે. એક વાર આનો અમલ થાય પછી જાહેર વિતરણ વ્યવસ્થાની જરૂર ના પડે.

**ઓછા વહીવટી ખર્ચની ધારણા**

સરકારને એમ લાગે છે કે તેને લીધે વહીવટી ખર્ચ ખૂબ જ ઓછું થશે અને વધારે સારી રીતે ગરીબો સુધી પહોંચી શકાશે. ગયે વર્ષે સંસદની આ મંત્રાલયની સ્થાયી સમિતિઓ નાણાં મંત્રાલયને આ રોકડ તબદીલી અંગે ઝડપથી નિર્ણય લેવા વિનંતી કરી હતી. પછી સપ્ટેમ્બર - ૨૦૧૦માં ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુએ આ દરખાસ્તને સારી ગણાવીને મહોર મારી.

એ ઉપરાંત, કૃષિ મંત્રાલય પણ એમાં કૂદી પડ્યું. તેણે જે અન્ન સલામતી ધારો ઘડાઈ રહ્યો છે તેમાં ગરીબોને આપવાના થનારા અનાજ સામે કેટલોક ભાગ રોકડ રકમ આપવાની પણ દરખાસ્ત કરી છે. તેણે દુકાળ કે પૂર માટે આવું ભંડોળ ઊભું કરવાની પણ ભલામણ કરી. જો અનાજની અછત હોય અને સરકાર સસ્તા અનાજની દુકાનો દ્વારા અનાજ આપી શકે તેમ ના હોય તો ગરીબોને રોકડ રકમ આપવામાં આવે એમ પણ કૃષિ મંત્રાલયે જણાવ્યું. અત્યારે જે 'આધાર' કાર્યક્રમ ચાલી રહ્યો છે તેને જાદુઈ ફોર્મ્યુલા ગણાવવામાં આવે છે. તેમાં વ્યક્તિઓને વીજાણુ કાર્ડ મળશે અને તેમાં તેની ફિંગરપ્રિન્ટ પણ હશે. તેથી બનાવટ થઈ શકશે નહિ એમ કહેવાય છે. જો કે, એ કાર્ડથી આપોઆપ જ કંઈ બીપીએલ યાદીમાં પ્રવેશ નહીં મળે. બીપીએલ યાદી તો પારિવારિક સર્વે કરીને જ તૈયાર કરાશે. આ યાદી ચોકસાઈપૂર્ણ નથી અને તેથી જ સાચા ગરીબો સુધી સામાજિક વિકાસની યોજનાઓના લાભ તેમના સુધી પહોંચતા નથી. 'આધાર' થકી એ લાભો ચોક્કસ પહોંચશે એમ જણાવાય છે.

**ફુગાવાની અસરની અવગણના**

આયોજન પંચના જણાવ્યા મુજબ જાહેર વિતરણ વ્યવસ્થાને અનાજનો ભાવ અને બજાર ભાવ વચ્ચેનો તફાવત એ આ યોજનાનો ખર્ચ થાય. તેમાં એક વ્યક્તિ દીઠ માસિક ખર્ચ રૂ. ૮.૫ અને પાંચ વ્યક્તિના કુટુંબ દીઠ માસિક ખર્ચ રૂ. ૪૨.૫૦ અંદાજવામાં આવ્યો છે. અત્યારે રાજ્યે રાજ્યે સબસિડી જુદી જુદી છે. એક અભ્યાસ એમ કહે છે કે જાહેર વિતરણ વ્યવસ્થા માટે સરકાર જે ખર્ચ કરે છે તે યોગ્ય પરિવારોને રોકડ રકમ સ્વરૂપે આપવામાં આવે તો કુટુંબ દીઠ રૂ. ૫.૦૦ મળે. મહત્વનો મુદ્દો એ છે કે રોકડ રકમ આપવાની યોજનામાં ફુગાવાને ધ્યાનમાં લેવામાં આવતો જ નથી. હાલની વ્યવસ્થામાં ફુગાવો કોઈ અસરકારક પરિબળ જ નથી, ગરીબ પરિવારોને તો નક્કી કરાલેયો જથ્થો મળે જ છે, પછી ભલે ને તેનો બજાર ભાવ ગમે તે હોય. ગરીબોને વસ્તુઓ કે સેવાઓને બદલે સહાય સ્વરૂપે રોકડ રકમ આપવાની સરકારની નીતિ આ રીતે સંપૂર્ણપણે સફળ થશે જ એમ કહી શકાય તેમ નથી. એ નીતિને સફળ બનાવવા માટે મૂળભૂત રીતે આર્થિક ક્ષમતા અને માળખાગત વ્યવસ્થાની આવશ્યકતા છે.

**સંદર્ભઃ**


(૧) વર્કિંગ પેપર ૧૪૩, ફેબ્રુઆરી-૨૦૦૧, ઓવરસિઝ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, ૧૧૧, વેસ્ટમિન્સ્ટર બ્રીજ રોડ, લંડન, યુકે.

(૨) ડિસ્કશન પેપર, નં. ૦૧૩૦, સામાજિક રક્ષણ એકમ, માનવ વિકાસ નેટવર્ક, વિશ્વ બેંક.

(૩) સોશ્યલ પ્રોટેક્શન, નવેમ્બર-૨૦૦૩, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન, જિનિવા.

(૪) ડિસ્કશન પેપર, નં. ૦૦૦૬, સામાજિક રક્ષણ એકમ, માનવ વિકાસ નેટવર્ક, વિશ્વ બેંક.

# સામાજિક ઉત્તરદાયિત્વનો વ્યવહાર અને પડકારો

સરકાર અને તેની તમામ સંસ્થાઓ નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બને તે માટે લોકશાહી વ્યવસ્થામાં વિવિધ તકેદારી અને દેખરેખ તંત્રો ઊભાં કરવામાં આવ્યાં હોય છે. તે જ્યારે કામ કરતાં નથી ત્યારે નાગરિકો પોતે આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરે છે અને સરકારને વધુ ઉત્તરદાયી બનાવવા માટેનો પ્રયત્ન કરે છે. લોકશાહીમાં જે ખોટ છે તે પૂરી કરવા માટેનો પ્રયાસ આ રીતે થાય છે. સામાજિક ઉત્તરદાયિત્વનાં વિવિધ સાધનો વિશેની માહિતી આપીને આ લેખમાં 'ઉન્નતિ'નાં **સુશ્રી એલિસ મોરિસ** અને **શ્રી હેમન્તકુમાર શાહ** સામાજિક ઉત્તરદાયિત્વનું મહત્ત્વ વર્તમાન સંદર્ભમાં શું છે તે સમજાવે છે.

**પ્રસ્તાવના**

સરકાર, કંપનીઓ અને નાગરિક સમાજમાં ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે વિવિધ તંત્રો વિકસાવવામાં આવ્યાં હોય છે. પરંતુ આ સંસ્થાઓ અને લોકો વચ્ચે અંતર વધતું જાય છે. લોકો ચૂંટણીઓમાં ભાગીદાર થતા નથી તેનું એક કારણ એ છે કે લોકોને તેમના નેતાઓમાં વિશ્વાસ નથી. વાસ્તવમાં આ લોકશાહીની ખાધ છે. એનો અર્થ એ છે કે લોકશાહીની ઔપચારિક વ્યવસ્થાઓ લોકો પ્રત્યે ઉત્તરદાયી નથી.

બીજી તરફ કંપનીઓ હવે તેમની સામાજિક જવાબદારી વધારે ગંભીરતાપૂર્વક અદા કરવા માટે આગળ વધી રહી છે. નાગરિક સમાજ પ્રત્યે લોકોને ઘણો ઊંડો વિશ્વાસ છે. તેથી સમાજની સેવા કરનારી સંસ્થા તરીકે રાજ્ય લોકો પ્રત્યે વધારે ઉત્તરદાયી બને એવી માંગ નાગરિક સમાજ ઉત્તરોત્તર કરી રહ્યો છે. આ સંજોગોમાં ઉત્તરદાયિત્વ માત્ર નૈતિક સંદર્ભમાં નહીં પણ સંસ્થાગત સ્વરૂપમાં પણ અગત્યનું બને છે. જે કાર્યો રાજ્ય દ્વારા કરવામાં આવે અને જે ધોરણો અનુસાર એ કાર્યો કરવામાં આવે એ બંને સમાજ માટે વાજબી ઠરે એ ખરું ઉત્તરદાયિત્વ છે. આ સંદર્ભમાં તાજેતરમાં ભારતમાં જન લોકપાલ ખરડા વિશે આંદોલન થયું તેને જોવાની જરૂર છે. નાગરિક સમાજે સરકાર પાસે ઉત્તરદાયિત્વ માંગ્યું અને ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટેની કાનૂની વ્યવસ્થા કામ કરે તેવી માંગણી કરી.

નાગરિક સમાજમાં ઉત્તરદાયિત્વનું મહત્ત્વ સમજવા માટે નાગરિક સમાજની ભૂમિકા સમજવી વધારે અગત્યની છે. સારા સમાજ માટે સુશાસન જરૂરી છે. નાગરિક સમાજનો એ અનિવાર્ય હિસ્સો છે. તેથી નાગરિકો તરીકે તેઓ સરકાર પાસેથી એવી અપેક્ષા રાખે છે કે સરકારનાં કાર્યો તેને માટે લાભદાયી હોય. સરકારી અધિકારીઓ અને રાજકીય નેતાઓ નીચલા સ્તરથી ઉપલા સ્તર સુધી નાણાકીય કે અન્ય રીતે ભ્રષ્ટ ન બને અને બને તો તેમને સજા થાય તેવા પ્રકારની વ્યવસ્થાઓ રાજ્યના પોતાના દ્વારા ઊભી થઈ છે પણ તે યોગ્ય રીતે કામ કરતી નથી તેથી નાગરિકોમાં હતાશા ઊભી થઈ છે. આ સંજોગોમાં રાજ્યને વધુ ઉત્તરદાયી બનાવવાની જરૂર છે.

સુશાસનમાં સહભાગિતા, પારદર્શિતા, ઉત્તરદાયિત્વ, અસરકારકતા, કાયદાના શાસનનું પાલન અને લોકોની જરૂરિયાતોના પ્રત્યે પ્રતિભાવનો સમાવેશ થાય છે. જો કે, ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો બંનેમાં શાસનના મોટા પ્રશ્નો છે. જાહેર સેવાઓની પ્રાપ્તિમાં અભાવ છે અને ગરીબોને લાભો મળતા નથી. ગરીબો, છેવાડાના લોકો અને મહિલાઓની જરૂરિયાતોનો પ્રતિભાવ આપવામાં આવતો નથી કે પછી તેમના પ્રત્યે લક્ષ જ અપાતું નથી. સેવાનો પુરવઠો કાર્યક્ષમ રીતે અને સમાવેશી રીતે પૂરો પડાય તે માટે કોઈ દેખરેખની વ્યવસ્થા જ નથી. ભદ્ર વર્ગનું નાનું જૂથ સંસાધનો પચાવી પાડે છે અને પરિણામે એ સંસાધનોથી પરિણામો નીપજતાં નથી. સંસાધનો સેવાઓના પુરવઠાકારો કે ઉપયોગકર્તાઓ સુધી પહોંચતાં નથી. ખર્ચમાં વધારો થાય એટલે સમસ્યાઓનો ઉકેલ આવે જ એવું જરૂરી નથી.

આયોજન નબળું હોય છે અને બજેટની ફાળવણીના પ્રશ્નો ઊભા થાય છે કારણ કે સરકાર ખોટી વસ્તુઓ અને ખોટાં જૂથો માટે બજેટ ફાળવણી કરે છે. આયોજન અને બજેટની પ્રક્રિયામાં સહભાગિતા ઊભી થતી નથી અને ઘટનાઓ, પ્રક્રિયાઓ તથા સંસાધનો વિશે જાગૃતિ ઓછી હોય છે. વિકાસલક્ષી ખર્ચમાં મહિલાઓ પ્રત્યે ઉત્તરદાયિત્વ વ્યક્ત થતું નથી. મહિલાઓ પ્રત્યે બજેટ સંવેદનશીલ હોય અને મહિલાઓની જરૂરિયાતોની પૂર્તિ માટે સેવાઓ પૂરી પાડવામાં આવે એવું પણ બનતું નથી.

સરકારો અને સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવા અને ખાસ કરીને વિકેન્દ્રીકરણ અને સ્થાનિક શાસનની સંસ્થાઓ સ્થાપવાના સંદર્ભમાં નાગરિક સમાજ માટે અવકાશ અને તકો વધતાં રહ્યાં છે. સાથે સાથે અનુભવ એમ પણ દર્શાવે છે કે ઉત્તરદાયિત્વની પરંપરાગત વ્યવસ્થાઓ

## લોકપાલ ખરડોઃ સરકાર અને નાગરિક સમાજ વચ્ચેનો વિવાદ

ભ્રષ્ટાચારી અધિકારીઓ અને રાજકારણીઓને લોકો પ્રત્યે જવાબદાર બનાવવા માટે લોકપાલ ખરડો ટૂંકમાં આવી રહ્યો છે. લોકપાલ ખરડા વિશે નાગરિક સમાજ અને સરકાર વચ્ચે વિવિધ મુદ્દાઓ વિશે જે વિવાદ પ્રવર્તતો રહ્યો અને જે તફાવતના મુદ્દાઓ રહ્યા તેની ટૂંકી નોંધ અહીં આપવામાં આવી છે.

**સરકારનું મંતવ્યઃ**

(૧) લોકપાલ દ્વારા વડા પ્રધાન, પ્રધાનો અને સંસદ સભ્યોને જ આવરી લેવામાં આવે.

(૨) લોકપાલ આપમેળે કોઈ પણ તપાસ કરવાની સત્તા ન ધરાવે. ઉપરાંત તે લોકો પાસેથી ભ્રષ્ટાચાર વિશેની ફરિયાદો પણ પ્રાપ્ત ન કરે. સંસદનાં બંને ગૃહોના અધ્યક્ષો દ્વારા આ અંગેની ફરિયાદો લોકપાલને મોકલવામાં આવે.

(૩) તે સલાહકાર સંસ્થા તરીકે કામ કરે. વડા પ્રધાનને ભલામણો આપે.

(૪) તેની પાસે કોઈ પોલિસ સત્તાઓ ન હોય. તે માત્ર પ્રાથમિક તપાસ જ કરી શકે.

(૫) કોઈએ ખોટી ફરિયાદ હોવાનું જણાય તો તેને ૧થી ૩ વર્ષની કેદની સજા લોકપાલ કરી શકે.

(૬) તેમાં ૩ સભ્યો હોય અને તેઓ નિવૃત્ત ન્યાયમૂર્તિઓ હોય.

(૭) લોકપાલની પસંદગી માટે માત્ર રાજકીય નેતાઓની જ સમિતિ હોય.

(૮) વડા પ્રધાન સામે સલામતી, સંરક્ષણ અને વિદેશી બાબતો જેવા વિષયોના સંદર્ભમાં ફરિયાદ હોય તો લોકપાલ તેને અંગે તપાસ ન કરે.

(૯) તપાસ કરવા માટે ૬ માસથી ૧ વર્ષનો સમય આપવામાં આવે પણ કેસ ચલાવવા માટે સમયની કોઈ મર્યાદા ન હોય.

(૧૦) ખોટી રીતે પ્રાપ્ત થયેલી સંપત્તિ પાછી મેળવવા કોઈ જોગવાઈ ન થાય.

**નાગરિક સમાજનું મંતવ્યઃ**

(૧) રાજકારણીઓ, અમલદારો અને ન્યાયમૂર્તિઓને લોકપાલ આવરી લે. કેન્દ્ર સરકારનું તકેદારી પંચ અને તેનું તંત્ર લોકપાલમાં ભેળવી દેવામાં આવે.

(૨) લોકપાલ કાર્યવાહી તો શરૂ કરી જ શકે પણ લોકો પાસેથી ફરિયાદો મેળવી શકે. તેણે કોઈની પાસેથી તે માટે મંજૂરી લેવાની જરૂર ન હોય.

(૩) તપાસ કર્યા પછી લોકપાલ ફરિયાદ નોંધાવી શકે અને શિસ્તભંગ અંગે કાર્યવાહી કરી શકે.

(૪) લોકપાલ એફઆઈઆર નોંધાવી શકે અને ફોજદારી કાર્યવાહી અધિનિયમ હેઠળ તપાસ કરી શકે અને પોલિસ ફરિયાદ નોંધાવી શકે.

(૫) ખોટી ફરિયાદ સામે લોકપાલ માત્ર દંડ લાદી શકે.

(૬) લોકપાલમાં ૧૦ સભ્યો હોય અને ૧ અધ્યક્ષ હોય. તેમાં માત્ર ૪ જણા કાનૂની નિષ્ણાત હોય.

(૭) લોકપાલની પંસદગી કરનારી સમિતિમાં કાનૂની નિષ્ણાતો, મૂખ્ય ચૂંટણી કમિશનર, કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ, લશ્કરના નિવૃત્ત જનરલો અને નિવૃત્ત લોકપાલો હોય.

(૮) લોકપાલની સત્તા ઉપર કોઈ પણ પ્રકારનું નિયંત્રણ ન હોય.

(૯) લોકપાલે ૧ વર્ષમાં તપાસ કરવી અને તે પછી ૧ વર્ષમાં કેસ પૂરો કરવો.

(૧૦) ભ્રષ્ટાચારને લીધે સરકારને જે નુકસાન થયું હોય તે દોષિત વ્યક્તિ પાસેથી પરત લેવું.

સ્રોતઃ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, અમદાવાદ, તા. ૮-૪-૨૦૧૧

કે તેનાં તંત્રો જેમ કે ભ્રષ્ટાચાર-વિરોધી પંચ, સરકારી ઓડિટ સમિતિઓ, ક્ષેત્રીય નિયમનકારી સંસ્થાઓ, કાયદા અને ચૂંટણીની અસરકારકતા મર્યાદિત છે, સામાન્ય રીતે તેમને પુરવઠાલક્ષી તંત્રો કહેવામાં આવે છે અને તેમનો અભિગમ ઉપરથી નીચેનો હોય છે.

### સુશાસનમાં નાગરિકો દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વનું મહત્ત્વ

સામાજિક ઉત્તરદાયિત્વ એક એવો અભિગમ છે કે જેમાં નાગરિક કાર્ય ઉપર ઉત્તરદાયિત્વ આધાર રાખે છે. એટલે કે તેમાં નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનો સીધી કે આડકતરી રીતે ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે સામેલ થાય છે. તે સરકાર, ખાનગી ક્ષેત્ર કે નાગરિક કર્તાઓ દ્વારા આરંભી શકાય છે. સામાજિક ઉત્તરદાયિત્વનું મૂળ નાગરિકોની સામેલગીરીમાં હોય તો તે સંસ્થાગત બિન-કાર્યક્ષમતાઓ દૂર કરવામાં મદદરૂપ થાય છે અને લોકશાહીને મજબૂત કરે છે. વળી, તે વિકેન્દ્રિત સુશાસનને પ્રોત્સાહન આપે છે, વંચિતોનો સમાવેશ કરે છે અને નાગરિકોને સક્ષમ બનાવે છે. સામાજિક ઉત્તરદાયિત્વનું તંત્ર અનેક પ્રકારનાં પગલાં, સાધનો અને વ્યવસ્થાઓને આવરી લે છે. નાગરિકો, સમુદાય, નાગરિક સમાજનાં સંગઠનો, સરકાર,

## રાષ્ટ્રીય લોક માહિતી અધિકાર અભિયાન

જન લોકપાલ ખરડાનો મુસદ્દો વર્તમાન અને નિવૃત્ત લોકાયુક્તો, મુખ્ય તકેદારી કમિશનરો, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના નિવૃત્ત ન્યાયમૂર્તિઓ, કાનૂની નિષ્ણાતો અને સામાજિક ન્યાય માટે ચાલતાં જન આંદોલનોના નેતાઓ સાથે વિચાર-વિમર્શ બાદ રાષ્ટ્રીય લોક માહિતી અધિકાર અભિયાન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય લોક માહિતી અધિકાર અભિયાન માને છે કે દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે લોકપાલનો કડક કાયદો તાતી જરૂરિયાત છે. જનલોકપાલ ખરડાનો હેતુ તમામ સરકારી નોકરો સામેના ભ્રષ્ટાચારના આરોપો અંગે તરત તપાસ થાય અને સમયબદ્ધ રીતે ફરિયાદનો નિકાલ આવે કે જેથી તેઓ તેમનાં કૃત્યો બદલ ઉત્તરદાયી બને તે છે. નાગરિક સમાજ એમ ઈચ્છે છે કે કૌભાંડોની વર્તમાન ઋતુમાં ભ્રષ્ટાચાર વિરોધી સખત કાયદો બને તે જરૂરી છે.

કેન્દ્ર અને રાજ્યોમાં લોકપાલ અને લોકાયુક્ત મજબૂત સંસ્થા તરીકે કામ કરે એ જરૂરી છે. તે માટે એક જ કાયદો હોય. આ બંનેને ભ્રષ્ટાચારના કિસ્સામાં તપાસ કરવા માટે અને ફરિયાદો કરવા માટે સંપૂર્ણ સ્વાયત્તતા હોય એ આવશ્યક છે. રાજકારણીઓના પ્રભુત્ત્વ વિના લોકપાલ અને લોકાયુક્તની પસંદગી પારદર્શક અને સહભાગી રીતે થવી જોઈએ.

ખાનગી ક્ષેત્ર અને માધ્યમો વગેરે જાહેર સત્તાધીશો, સરકારી અધિકારીઓ, નીતિ નિર્ધારકો અને સેવાઓના પુરવઠાકારોનું ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે આ સાધનોનો ઉપયોગ કરી શકે છે. સામાજિક ઉત્તરદાયિત્વનાં જે કેટલાંક તંત્રો કે રીતોનો વ્યવહારમાં ઉપયોગ કરાયો છે તેમાં સહભાગી બજેટ પ્રક્રિયા, જાહેર ખર્ચની તપાસ, મહિલાઓ માટેના બજેટની તપાસ, જાહેર સેવાઓ પર નાગરિકો દ્વારા દેખરેખ, નાગરિકોનાં સલાહકાર બોર્ડ, સામાજિક ઓડિટ, લોબીંગ અને હિમાયત માટેની ઝુંબેશનો સમાવેશ થાય છે. આ રીતો માંગપ્રેરિત હોય છે. આ સાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તો નાગરિકોનો અવાજ ઊભો થઈ શકે છે, નિર્ણય પ્રક્રિયામાં અને નીતિ નિર્ધારણમાં નાગરિકોનો અવાજ સંભળાય છે અને માહિતીપ્રદ તથા સંગઠિત કાર્ય થઈ શકે છે. આ સાધનો સંઘર્ષ જ ઊભો કરે એમ નહિ પણ સૌને માટે સારી સ્થિતિ ઊભી કરી શકે.

## સામુદાયિક ઉત્તરદાયિત્વનાં સાધનો

સામાજિક ઉત્તરદાયિત્વ માટે જે કેટલાંક સાધનો ઉપસી આવ્યાં છે તેમાંનાં કેટલાંક નીચે આપ્યાં છેઃ

૧. **સહભાગી બજેટ પ્રક્રિયા**

સહભાગી બજેટ પ્રક્રિયામાં નાગરિકો બજેટની તૈયારીના ચક્રમાં સામેલ થાય છે. નાગરિક સમાજનાં સંગઠનો અને તેમના પ્રતિનિધિઓ બજેટ ઘડવામાં અને તે તૈયાર કરવામાં સામેલ થાય છે. બજેટનું સ્વતંત્રપણે તેઓ વિશ્લેષણ કરે છે. તેમાં જે બજેટ દસ્તાવેજ તૈયાર થાય છે તે જાહેર તપાસ માટે મૂકવામાં આવે છે. લોકો તેનું વિશ્લેષણ કરી શકે છે. સામાજિક વિકાસની બાબતો પર કેટલું ધ્યાન અપાયું, ખર્ચ કેવી રીતે કરાયું વગેરે બાબતો પર ધ્યાન અપાય છે. બિન-સરકારી સંગઠનો અને અન્ય સંગઠનો અમુક કાર્યક્રમો માટે જે ભંડોળ ફાળવાયું છે તે એ માટે ખર્ચાયું છે કે નહિ તેના ઉપર નજર રાખે છે, કામગીરી ઉપર દેખરેખ રાખે છે અને નાગરિક સમાજનાં જૂથો આખરી પરિણામોનું મૂલ્યાંકન કરે છે.

૨. **કામગીરી પર દેખરેખ**

જાહેર સેવાઓ અને પરિયોજનાઓનાં અમલ અને કામગીરી ઉપર દેખરેખ રાખવાનું કામ સમુદાયો કે નાગરિક જૂથો કરે છે. તેને માટે તેઓ પોતે જ નિર્દેશકો નક્કી કરે છે. કામગીરી ઉપરની દેખરેખમાં જાહેર હિમાયતનાં તત્ત્વોનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે કામગીરી ઉપરની દેખરેખ માટે નાગરિકોનું રિપોર્ટ કાર્ડ, સામુદાયિક સ્કોર કાર્ડ અને સામાજિક અન્વેષણ જેવાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**નાગરિકોનું રિપોર્ટ કાર્ડ**

આ એક સહભાગી સર્વે છે. તેમાં જાહેર સેવાઓ વિશે વપરાશકારોનાં મંતવ્યો મેળવવામાં આવે છે. માહિતી કેવી રીતે રજૂ કરવામાં આવે છે તેને આધારે સર્વેનું નામ નક્કી થાય છે. શાળાના રિપોર્ટ કાર્ડમાં વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓના દેખાવ વિશેના સ્કોર શિક્ષક આપે છે તેમ અહીં પણ વિવિધ સેવાઓની ગુણવત્તા વિશે જે મંતવ્ય લોકો આપે છે તેની માહિતી ભેગી કરવામાં આવે છે. સેવાઓથી તેમને કેટલો સંતોષ છે એ પણ તેમાં જાણવામાં આવે છે. આરોગ્ય, શિક્ષણ, પાણી, પુરવઠો, રસ્તા, લાઈટો વગેરે જેવી સેવાઓને તેમાં આવરી લેવામાં આવે છે.

**સામુદાયિક સ્કોર કાર્ડ**

નાગરિકોના રિપોર્ટ કાર્ડની જેમ જ આ એક એવું સાધન છે કે જે સેવાઓના પુરવઠાકારોના જાહેર ઉત્તરદાયિત્વનું નિર્માણ કરે છે અને તેમની પ્રતિભાવાત્મકતા સુધારે છે. સામુદાયિક સ્કોર કાર્ડની પ્રક્રિયામાં સમુદાયને વિશ્લેષણના એક એકમ તરીકે લેવામાં આવે છે અને સ્થાનિક સ્તરે પૂરી પડાતી સવલતો ઉપર દેખરેખ રાખવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં

આવે છે. તેમાં સમુદાય સેવાઓ ઉપર દેખરેખ રાખે છે અને તેમની કામગીરીનું મૂલ્યાંકન કરે છે.

**સામાજિક અન્વેષણ**

સામાજિક અન્વેષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈ વિકાસલક્ષી પરિયોજના કે કાર્યક્રમની ગુણવત્તા, તેમાં થયેલા ખર્ચ અને તેના લાભાલાભની જાહેરમાં ખુલ્લંખુલ્લા સમુદાય દ્વારા તપાસ કરવામાં આવે છે. જે વિસ્તારમાં એ કાર્યક્રમનો અમલ થાય છે એ વિસ્તારનો સમુદાય સામાજિક અન્વેષણમાં સામેલ થાય છે. સામાજિક અન્વેષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈક યોજના, પરિયોજના, કાર્યક્રમ કે કોઈ સંગઠન કે વિભાગનાં સંસાધનો વિશે માહિતી ભેગી કરવામાં આવે છે. પછી તે માહિતીનું વિશ્લેષણ અને જાહેરમાં તે વહેંચવામાં આવે છે કે જેથી તમામ સ્તરના તમામ હિતધારકો એ જાણે.

૩. **જાહેર સુનાવણી**

જાહેર સુનાવણી એ સમુદાય સ્તરની ઔપચારિક બેઠક છે. તેમાં સ્થાનિક અધિકારીઓ અને નાગરિકોને સામુદાયિક બાબતો વિશે માહિતી અને અભિપ્રાયોની આપ-લે કરવાની તક મળે છે. આ સુનાવણીઓ આમ જનતા માટે ખુલ્લી હોય છે અને તેથી અમલદારો તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ પોતાની ચિંતાઓ વ્યક્ત કરવાની નાગરિકોને તક આપનારું આ એક મહત્ત્વનું સાધન છે.

૪. **નાગરિક ન્યાયાધીશો**

નાગરિક ન્યાયાધીશો એટલે સમુદાયના કેટલાક પસંદ કરાયેલા સભ્યોનું જૂથ. તેઓ કોઈ એક સમયગાળા દરમ્યાન કોઈક મુદ્દા વિશે તપાસ હાથ ધરે છે અને નીતિ નિર્માતાઓ માટે ભલામણો કરે છે અથવા અમુક કાર્યો માટેની દરખાસ્તો રજૂ કરે છે. તેનો ઇરાદો નિર્ણય પ્રક્રિયા માટેની ગુણવત્તા સુધારવાનો છે અને નીતિ ઘડતર તથા તેનો અમલ વધારે લોકસ્વીકૃત, અસરકારક, કાર્યક્ષમ અને ટકાઉ થાય તેવી સંભાવના વધારવાનો છે. આંધ્ર પ્રદેશમાં અન્ન અને ખેતીના ભાવિ વિશે આ પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. તેમાં નાગરિક ન્યાયાધીશોએ સરકારના વિઝન-૨૦૨૦ની ગ્રામ વિકાસની યોજના વિશે ચર્ચા કરી હતી.

### માહિતી અધિકાર ધારા દ્વારા પારદર્શિતા

લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજ્ય પારદર્શી બને તે અનિવાર્ય છે. રાજ્યની પારદર્શિતા આપોઆપ રાજ્યનું ઉત્તરદાયિત્વ ઊભું કરે છે. આથી જ ભારતમાં માહિતી અધિકાર ધારો ઘડવામાં આવ્યો છે. તેને પરિણામે દેશના કોઈ પણ નાગરિકને સરકાર પાસેથી કે સરકારી સંગઠનો પાસેથી કે સરકારની સહાય મેળવતી સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. માહિતીનો અધિકાર સરકાર કેવી રીતે ચાલે છે તેની માહિતી લોકોને આપીને સરકારને પારદર્શક બનાવે છે.

### રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ

આ યોજનામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં થાય તે માટે કાયદામાં અને તેની માર્ગરેખાઓમાં જોગવાઈઓ કરવામાં આવી છે. ગામ સ્તરે તકેદારી અને દેખરેખ સમિતિ યોજનાના અમલ ઉપર દેખરેખ રાખે છે અને તેનો અહેવાલ તૈયાર કરે છે. આ અહેવાલ યોજનાના અમલ વિશે યોજાતા સામાજિક અન્વેષણ માટેની ગ્રામ સભામાં રજૂ કરવામાં આવે એ અપેક્ષિત છે. આમ, તમામ માહિતી અને દસ્તાવેજો નાગરિકો સમક્ષ રજૂ થાય અને નાગરિકો તેમની ખરાઈ કરી શકે તેવો અવકાશ ઊભો થાય એ આ યોજનાનું નોંધપાત્ર પાસું છે. યોજનાના અમલ અને વહીવટમાં ગ્રામ પંચાયતોની સામેલગીરી આપોઆપ જ સ્થાનિક સ્તરે આ યોજનાને વધુ પારદર્શી અને ઉત્તરદાયી બનાવવા માટેનું તંત્ર પૂરું પાડે છે.

૫. **નાગરિકોનું ખતપત્ર**

નાગરિકોનું ખતપત્ર સેવાઓની ગુણવત્તા સુધારવાનો ઇરાદો ધરાવે છે. તેમાં સરકાર દ્વારા અપાતી જે સેવાઓનો વપરાશકારો ઉપયોગ કરે છે તેને વિશે તેઓ જે અપેક્ષા રાખે છે તેનાં ધોરણો નક્કી કરીને જાહેર કરવામાં આવે છે. નાગરિક ખતપત્રોમાં જો ધોરણોનું પાલન ન કરવામાં આવે તો નાગરિકોને તે અંગે ખુલાસો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. નાગરિકોનું ખતપત્ર એક એવો દસ્તાવેજ છે કે જેમાં કોઈક સેવા વિશે નાગરિકોને નીચે પ્રમાણેની માહિતી મળે છેઃ (૧) જાહેર સેવા કેવી રીતે મળે તેનો અધિકાર. (૨) સમય અને ગુણવત્તા અંગે સેવા વિશે જે અપેક્ષાઓ નાગરિકો રાખતા હોય તે. (૩) ધોરણોનું પાલન ન કરવામાં આવે તો તે માટે પ્રાપ્ય ઉકેલો. (૪) સેવા અંગેની કાર્યવાહી, ખર્ચ અને ચાર્જ.

૬. **સામુદાયિક રેડિયો**

સામુદાયિક રેડિયો સ્ટેશન સંવાદ ઊભો કરે છે, અને ઘણી વાર તેમાં શ્રોતાઓ સહભાગી થાય છે. એ નફાજનક સેવા નથી, ઓછી ખર્ચાળ છે. રેડિયો સ્ટેશનની માલિકી સમુદાયની હોય છે અને સમુદાય જ તેનું સંચાલન કરે છે. તે સ્થાનિક ભાષામાં સ્થાનિક પ્રશ્નો વિશે વાત કરે છે અને સ્થાનિક સમસ્યાઓ અને ચિંતાઓ વ્યક્ત કરે છે.

# સામાજિક દેખરેખ: શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ વિકાસ

દર વર્ષે છેલ્લા કેટલાક સમયથી શાસન અને વિકાસ વિશે નાગરિકોનો અહેવાલ 'નેશનલ સોશ્યલ વોચ' દ્વારા તૈયાર કરવામાં આવે છે. ૨૦૧૦ના આ અહેવાલમાં ભારતમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પ્રવર્તમાન પરિસ્થિતિ અને સરકારની તે અંગેની નીતિઓ વિશે જે દેખરેખરૂપ અહેવાલ તૈયાર કરાયો છે તેનો અત્યંત ટૂંકો સારાંશ અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આપવામાં આવ્યો છે.

### પ્રસ્તાવના

શાસન એ વિકાસનો મુદ્દો છે અને સુશાસન એ અસરકારક અને સર્વસમાવેશી વિકાસ માટેની પાયાની જરૂરિયાત છે. દેશભરમાં જે રીતે નિર્ણયો લેવામાં આવે છે એ શાસન છે. જે લોકો સરકારમાં છે તેમને માટે સત્તાધિકારનો ઉપયોગ એ શાસન છે. માનવ વિકાસનાં બે મહત્ત્વનાં અંગો શિક્ષણ અને આરોગ્ય વિશે શાસકો જે નિર્ણયો લે છે તેમની અસર માનવ વિકાસનાં તમામ ક્ષેત્રો પર પડે છે. આ સંદર્ભમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રો વિશે તથા ગ્રામ વિકાસના ક્ષેત્રે ભારત સરકારે છેલ્લે શું પગલાં લીધાં, નીતિઓ ઘડી, નીતિઓનો અમલ કર્યો અને પ્રવર્તમાન પરિસ્થિતિ પર તેમની શી અસર પડી કે પડવાની સંભાવના છે તેના ઉપર સામાજિક દેખરેખના ભાગરૂપે જે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે તે અહીં રજૂ કરાયા છે.

### શિક્ષણ

ભારતમાં ૧૯૯૧માં નવી આર્થિક નીતિની શરૂઆત બાદ અર્થતંત્રમાં અનેક ક્ષેત્રોમાં પરિવર્તનો આવ્યાં છે. બરાબર એ જ રીતે, શિક્ષણ ક્ષેત્રે પણ ધરખમ પરિવર્તનો આવ્યાં છે. સરકારે શિક્ષણ ક્ષેત્રને બજાર માટે ખુલ્લું મૂક્યું છે અને તેને પરિણામે અનેકવિધ ખાનગી ખેલાડીઓ શિક્ષણ ક્ષેત્રે દાખલ થયા છે. પણ એ એક હકીકત છે કે શિક્ષણના અધિકારના કાયદાએ જો શિક્ષણ ક્ષેત્રે યોગ્ય સુધારા થાય અને પૂરતી નાણાકીય જોગવાઈ થાય તો, શિક્ષણની સમસ્યાઓ દૂર થાય તેવી તકો ઊભી કરી છે.

ભારતમાં એક તરફ ૨૦૦૯માં શિક્ષણના અધિકારનો કાયદો કરાયો અને ૨૦૦૨માં ૮૬મો બંધારણ સુધારો કરીને છથી ૧૪ વર્ષની વયનાં બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો મૂળભૂત અધિકાર બનાવાયો, તો બીજી તરફ, શિક્ષણમાં વિવિધ સ્તરે ખાનગીકરણે વેગ પકડ્યો છે. તેમાં જાહેર-ખાનગી ભાગીદારીના મોડેલને પણ સ્વીકારાયું છે. ઉપરાંત, સ્કૂલ વાઉચરની વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, કે જેથી શિક્ષણના ખાનગીકરણની પ્રક્રિયાને પ્રોત્સાહન મળે.

ઈ.સ. ૨૦૦૦માં સર્વ શિક્ષા અભિયાન સાર્વત્રિક શિક્ષણ માટે શરૂ કરાયું. પરંતુ તેના અમલ માટેની નાણાકીય વ્યવસ્થામાં ખાસ સુધારાની જરૂર છે. ૨૦૧૦-૧૧માં માનવ સંસાધન મંત્રાલયનું બજેટ રૂ. ૩૯,૯૦૪ કરોડ હતું અને તે જીડીપી (કુલ ઘરેલૂ આવક)ના ૦.૭૨ ટકા જેટલું જ હતું. ૨૦૦૯-૧૦માં પણ ટકાવારી પ્રમાણ એટલું જ હતું. ૨૦૦૯-૧૦માં સર્વ શિક્ષા અભિયાન માટે રૂ. ૧૩,૧૦૦ કરોડ ફાળવાયા હતા અને તે પછીના વર્ષ માટે રૂ. ૧૫,૦૦૦ કરોડ ફાળવાયા હતા.

નાણાં પ્રધાને તેમના ૨૦૧૦ના બજેટ પ્રવચનમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતી. પરંતુ સરકારના પોતાના અંદાજો કંઈક જુદું જ કહે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાજર રહેતા નથી એ બાબતની સમસ્યા સર્વ શિક્ષા અભિયાનથી ઉકેલાય એવી શક્યતાઓ નહિવત્ છે. એનું કારણ એ છે કે સર્વ શિક્ષા અભિયાન હેઠળ શાળામાં બાંધકામ અને શિક્ષકોની કરારી ભરતી ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

૨૦૦૮-૦૯માં સર્વ શિક્ષા અભિયાન માટેના બજેટમાંથી ૨૮ ટકા રકમ બાંધકામ કાર્ય માટે અને ૩૧ ટકા રકમ શિક્ષકોના પગાર માટે ફાળવવામાં આવી હતી, પરંતુ અધ્યયન અને અધ્યાપન માટેની સામગ્રી, શિક્ષકોની તાલીમ અને સંશોધન તથા મૂલ્યાંકન માટે ખૂબ જ ઓછી રકમ ફાળવાઈ હતી. વળી, બજેટમાં રકમ વધારવામાં આવે તેથી કંઈ શિક્ષણ ક્ષેત્રે વધુ સારો વિકાસ થાય જ એવું જરૂરી નથી. નાણાં સમયસર અને અસરકારક રીતે વપરાવાં જરૂરી છે.

૨૦૦૮-૦૯માં દેશમાં સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવાયેલાં નાણાંમાંથી માત્ર ૨૯ ટકા રકમ જ વર્ષના પ્રથમ ૬ માસમાં ખર્ચાઈ હતી. સર્વ શિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળાને સાધનસામગ્રી અને અન્ય આવર્તક ખર્ચ પેટે માત્ર રૂ. ૫,૦૦૦ જ ફાળવવામાં આવે છે એ જ રીતે, શિક્ષકોને તાલીમ માટે માથાદીઠ રોજના રૂ. ૧૦૦ ફાળવાય છે જે અસરકારક તાલીમ માટે ભાગ્યે જ પૂરતી રકમ ગણી શકાય.

**કોઠા નં-૧: શિક્ષણ પાછળનું ભારત સરકારનું ખર્ચ અને શિક્ષણ ઉપકરની આવક**

| વર્ષ (૧) | શાળેય શિક્ષણ અને સાક્ષરતા વિભાગનું કુલ ખર્ચ (કરોડ રૂ.) (૨) | શિક્ષણ ઉપકરની આવક (કરોડ રૂ.) (૩) | (૩) (૨)ના ટકા (૪) |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૮,૦૦૪ | અપ્રાપ્ય | અપ્રાપ્ય |
| ૨૦૦૫-૦૬ | ૧૨,૫૩૬ | અપ્રાપ્ય | અપ્રાપ્ય |
| ૨૦૦૬-૦૭ | ૧૭,૧૩૩ | ૮,૭૪૬ | ૫૧.૦૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૩,૧૯૧ | ૧૧,૧૨૮ | ૪૭.૯૮ |
| ૨૦૦૮-૦૯ | ૨૬,૦૨૬ | ૧૨,૧૩૪ | ૪૬.૬૨ |
| ૨૦૦૯-૧૦ | ૨૫,૩૩૮ | ૧૨,૨૫૭ | ૪૮.૩૭ |
| ૨૦૧૦-૧૧ | ૩૩,૨૧૪ | ૧૪,૪૩૩ | ૪૩.૪૫ |

નોંધઃ ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦ સુધીના આંકડા સુધારેલા અંદાજો છે અને ૨૦૧૦-૧૧ના આંકડા બજેટ અંદાજ છે.
સ્રોતઃ સિટિઝન્સ રિપોર્ટ ઓન ગવર્નન્સ એન્ડ ડેવલપમેન્ટ-૨૦૧૦, પાના નં-૪૮.

સરકારે નવ-ઉદારમતવાદી નીતિ અપનાવી છે તેનું પ્રતિબિંબ શિક્ષણ ક્ષેત્રે પડે છે, અને શિક્ષણમાં તમામ સ્તરે ખાનગીકરણમાં નિરંકુશ વધારો થઈ રહ્યો છે. ભારતમાં કુલ શાળાઓમાં આશરે ૧૫ થી ૨૫ ટકા શાળાઓ ખાનગી છે. ૨૦૦૭-૦૮માં ૧૪ ટકા શાળાઓ ખાનગી સંચાલન હેઠળ હતી કે જેમને સરકારનું અનુદાન મળતું નહોતું એમ 'ડિસ્ટ્રિક્ટ ઈન્ફર્મેશન સીસ્ટમ ફોર એજ્યુકેશન'ની માહિતી અનુસાર જાણવા મળે છે. જ્યારે 'એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ-૨૦૦૯' એમ જણાવે છે કે ૨૧ ટકા બાળકો ખાનગી શાળાઓમાં નોંધાયેલાં છે અને પાંચમા ભાગ કરતાં વધુ પ્રાથમિક શાળાઓ ખાનગી સંચાલન હેઠળ છે.

ઘણી ખાનગી શાળાઓ માન્ય શાળાઓ નથી અને તેમાં નોંધાયેલાં બાળકોની સંખ્યા ૨૫થી ૩૦ ટકા હોવાનો અંદાજ છે. ઉપરાંત, ગ્રામ વિસ્તારમાં ફી લેતી શાળાઓ ૨૦૦૬માં ૨૮ ટકા હતી અને તે વધીને ૨૦૦૯માં ૪૪ ટકા થઈ છે. ઉચ્ચ શિક્ષણ અને ટેક્નિકલ શિક્ષણમાં તો પરિસ્થિતિ વધારે ખાનગીકરણ તરફની નીતિનો નિર્દેશ કરે છે.

ખાનગી કંપનીઓ પણ શિક્ષણ ક્ષેત્રે ઝૂકાવી રહી છે. એમ સમજવામાં આવે છે કે ભારતમાં આશરે ૪ લાખ કરોડ રૂ.નું રોકાણ શિક્ષણ ક્ષેત્રે થઈ શકે છે. ખાનગી ઈક્વીટી ફંડની તે માટે શરૂઆત થઈ છે. ૨૦૧૦માં ભારતમાં આવાં ફંડોએ લગભગ ૭૦૦ કરોડ રૂ.નું રોકાણ કર્યું હતું. ૨૦૦૯ના રોકાણ કરતાં તે ૫૦ ટકા વધારે હતું. જેમ કે રિલાયન્સ કેપિટલ નામની કંપનીની એક ખાનગી ઈક્વીટી પેઢી રિલાયન્સ ઈક્વીટી એડવાઈઝર્સ દ્વારા ૨૦૦૯માં રૂ. ૧૦૦ કરોડનું રોકાણ પાથવેઝ વર્લ્ડ સ્કૂલ નામની શાળા માટે કરવામાં આવ્યું હતું. એ જ રીતે, ૨૦૦૬માં આઈટીએફસી પ્રાઈવેટ ઈક્વીટી દ્વારા મણિપાલ એજ્યુકેશનમાં રૂ. ૧૩૫ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું. તેણે વળી પાછા પ્રેમજી ઈન્વેસ્ટ નામની કંપની પાસેથી રૂ.૧૯૦ કરોડ મેળવ્યા હતા.

આ રીતે જોતાં, શિક્ષણનું ક્ષેત્ર લગભગ મુક્ત બજાર જેવું બની ગયું છે અને શિક્ષણની હાટડીઓ ખૂલી હોય તેમ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ ખૂલ્યાં છે. આ બધું જ પાછું શિક્ષણની ગુણવત્તાને નામે જ થાય છે!

## આરોગ્ય

પાંચ વર્ષ અગાઉ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનની શરૂઆત કરવામાં આવી હતી. તેની કામગીરીને પરિણામે જાહેર આરોગ્ય વ્યવસ્થાની કામગીરીમાં થોડોક સુધારો થયો છે પરંતુ એ સુધારો અસમાન છે, અને ઈચ્છિત લક્ષ્યાંકોથી દૂર છે. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોમાં આરોગ્ય માટે જે લક્ષ્યાંકો નક્કી કરાયો છે તે ભારત સિદ્ધ નહીં કરી શકે એમ લાગે છે. ૨૦૧૨ સુધીમાં બાળ મૃત્યુ દર એક હજારે ૩૦થી અને માતૃત્વ મૃત્યુ દર એક લાખે ૧૦૦થી ઓછો કરવાનો લક્ષ્યાંક હતો. જો કે, છેલ્લામાં છેલ્લી માહિતી એમ દર્શાવે છે કે તે અનુક્રમે ૫૩ અને

**કોઠા નં–૨: ભારતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોનું સામાજિક સેવાઓ પાછળનું ખર્ચ**

| વર્ષ | સામાજિક સેવાઓ (જીડીપીના ટકા) | શિક્ષણ, આરોગ્ય, કુટુંબ કલ્યાણ પાણી પુરવઠો અને સફાઈ (જીડીપીના ટકા) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫.૫ | ૩.૮ |
| ૨૦૦૫-૦૬ | ૫.૬ | ૩.૯ |
| ૨૦૦૬-૦૭ | ૫.૮ | ૪.૦ |
| ૨૦૦૭-૦૮ (સુ.અં.) | ૬.૩ | ૪.૨ |
| ૨૦૦૮-૦૯ (બ.અં.) | ૬.૬ | ૪.૩ |

સ્રોતઃ સિટિઝન્સ રિપોર્ટ ઓન ગવર્નન્સ એન્ડ ડેવલપમેન્ટ-૨૦૧૦, પાના નં-૪૧.

૨૫૦ છે. એનો અર્થ એમ થાય છે કે ૨૦૧૨ સુધીમાં સિદ્ધ કરવાના લક્ષ્યાંકો ૨૦૨૦ સુધીમાં કદાચ સિદ્ધ થશે. એટલે આગામી દાયકા દરમ્યાન આરોગ્યની સવલતો ન મળવા લીધે ૨૪ લાખ બાળકો અને અઢી લાખ માતાઓ મૃત્યુ પામશે.

૨૦૦૯-૧૦નો આર્થિક સર્વે એમ કહે છે કે ૨૦૦૧ની વસ્તી ગણતરીના ધોરણે દેશમાં ૨૦,૪૮૬ પેટા કેન્દ્રો, ૪,૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨૩૩૭ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો ઓછાં છે. જો છેલ્લા એક દાયકાના વસ્તી વધારાને ધ્યાનમાં લઈએ તો, ૬૦,૦૦૦ પેટા કેન્દ્રો, ૧૧,૫૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૪૦૦૦ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો ઓછાં છે.

આરોગ્ય કેન્દ્રોમાં જે માળખાગત સવલતો હોવી જોઈએ તે પણ નથી. આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના ૨૦૦૭ના 'રૂરલ હેલ્થ સ્ટેટિસ્ટિક્સ' અનુસાર મળતી કેટલીક વિગતો આ મુજબ છેઃ

(૧) ૪૭૧૧ પેટા કેન્દ્રોમાં દાયણ નથી અને પુરુષ આરોગ્ય કાર્યકર નથી.
(૨) ૬૮.૬ ટકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટર નથી કે પછી એક જ ડોક્ટર છે.
(૩) ૪૧.૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લેબ ટેક્નિશિયન નથી અને ૧૭.૧ ટકામાં ફાર્માસિસ્ટ નથી.
(૪) ૬૪.૯ ટકા સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં વિશેષજ્ઞો નથી.
(૫) ૧૧૮૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વીજળી નથી અને નિયમિત પાણી પુરવઠો નથી.

## જાહેર અને ખાનગી ભાગીદારી

જાહેર ખાનગી ભાગીદારી ઉપર હવે વધુ ને વધુ આધાર રાખવામાં આવી રહ્યો છે. તેને પીપીપી તરીકે ઓળખવામાં આવે છે. તેને આરોગ્ય ક્ષેત્રે માળખાગત સવલતોના સર્જન માટે નાણાં ફાળવવાની રાજ્યની ક્ષમતા સાથે સંબંધ છે. તે એમ્બ્યુલન્સ સેવાઓ ઉપરાંતની છે અને તે હોસ્પિટલમાં દાખલ થતા અને ન થતા દર્દીઓની સારવાર સુધી જાય છે. તેમાં હોસ્પિટલ સેવાઓ પૂરી પાડવાનો પણ સમાવેશ થાય છે. પીપીપીની તરફેણમાં એવી દલીલ કરવામાં આવે છે કે આરોગ્ય ક્ષેત્રે ઘણી બધી માળખાગત સેવાઓનું સંચાલન આજે ખાનગી ક્ષેત્રે જ કરવામાં આવે છે અને બહુમતી લોકો આરોગ્ય સેવાઓ ખાનગી ક્ષેત્રમાંથી જ મેળવે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં જાહેર માળખાગત સવલતો ઊભી કરવા માટે નાણાં નહિ ખર્ચવાને સારી બાબત ગણે છે અને જાહેર સેવાઓ પૂરી પાડવા માટે ખાનગી માલિકીની અને ખાનગી રીતે સંચાલિત માળખાગત સવલતોનો ઉપયોગ કરવાની બાબતને તે મૂલ્ય ગણે છે. રાજીવ ગાંધી સ્વાસ્થ્ય વીમા યોજના અને રાજ્ય સ્તરની બીજી અનેક યોજનાઓ દ્વારા આ મોડેલને પ્રોત્સાહન અપાય છે. આને માટે જર્મની, યુકે અને અન્ય દેશોના દાખલા આપવામાં આવે છે. આમ, આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની ભૂમિકા અને તે માટે નાણાં ખર્ચવાની ભૂમિકા, બંને ભૂમિકાઓને અલગ પાડવામાં આવે છે.

ભારતમાં ગ્રામ વિસ્તારોમાં આરએમપી સિવાય ખૂબ જ ઓછી ખાનગી આરોગ્ય સવલતો પ્રાપ્ય છે. મોટા ભાગના આરએમપી (રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર) તાલીમ વિનાના ઊંટવૈદો છે. તેથી હવે પીપીપીનો અર્થ એવો થાય છે કે ગ્રામ વિસ્તારોના લોકોને ઊતરતી કક્ષાની આરોગ્ય સેવાઓ જાહેર ભંડોળમાંથી પૂરી પાડવામાં આવશે.

આ રીતે જોઈએ તો, આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં જાહેર ખાનગી ભાગીદારી વાસ્તવમાં ખાનગી ક્ષેત્રને મજબૂત કરશે અને તે માટે જાહેર નાણાં વપરાશે. કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (સીજીએમએસ)માં આમ જ બન્યું છે કે જ્યારે તે અંગેના ધોરણોમાં ઉદારીકરણ કરવામાં આવ્યું હતું. એક તરફ જાહેર દવાખાનાં અને હોસ્પિટલોને બંધ કરાઈ રહ્યાં છે અને બીજી તરફ આ યોજનાના લાભાર્થીઓને ખાનગી દવાખાનાં અને હોસ્પિટલોમાં સારવાર લેવાનું કહેવાઈ રહ્યું છે, અને નાણાં સરકાર ચૂકવે છે. ખાનગી ક્ષેત્ર માટે

જાહેર સબસિડી આપવાનું આ નવીન ઉદારમતવાદી અર્થશાસ્ત્ર છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનના ત્રીજા સમીક્ષા અહેવાલમાં આમ લખવામાં આવ્યું છે. "ગુજરાતમાં ચિરંજીવી યોજનાની તપાસ કરાઈ છે અને તપાસ ટુકડીએ તેના વિશે નોંધ કરી છે. તેણે આ યોજના પર બારીકાઈથી નજર રાખવા જણાવ્યું છે અને કહ્યું છે કે આ યોજનાના માળખામાં ગંભીર ખામીઓ છે અને તેથી ખૂબ સાવચેતી રાખવાની જરૂર છે કારણ કે આરોગ્ય સંભાળની ગુણવત્તા મોટો પ્રશ્ન છે, અને અન્ય રાજ્યોમાં જાહેર સવલતોમાં જે સમસ્યાઓ છે તે બધી જ આને પણ લાગુ પડે છે. નવજાત શિશુની પાયાની સંભાળ પણ તેમાં લેવાતી નથી. સરકાર માત્ર ડૉક્ટરને પૈસા મળી જાય અને તેઓ દર્દીઓની ફરિયાદો ઉકેલે એટલી બાબત પૂરતી જ દેખરેખ રાખે છે. જાહેર કર્મચારીઓ દ્વારા ખાનગી ક્ષેત્ર તરફ આરોગ્ય સેવાની માંગને વાળવામાં આવે છે અને તે પણ સરકારી હોસ્પિટલના ભોગે. દાહોદમાં બીપીએલ મહિલાઓએ લાભાર્થીઓ સિવાયના લોકો કરતાં ઓછાં પણ નાણાં ચૂકવવાં જ પડ્યાં હતાં તેવા અહેવાલો છે. તેનું કારણ લોકોને યોજનાની જાણકારી ન હોવાનું પણ કહેવામાં આવે છે."

આ અહેવાલમાં એમ પણ કહેવાયું છે કે,"ખાસ કરીને યુવાન એએનએમ મહિલાઓની સામાન્ય પ્રસૂતિ પોતે કરાવી શકે તેમ હોવા છતાં અને એ અંગેની સગવડો તેમની પાસે હોવા છતાં, ખાનગી ડૉક્ટરો પાસે મોકલે છે. એ બાબતને ખાસ સમજવાની જરૂર છે કે ખાનગી ક્ષેત્ર નફા માટે કામ કરે છે અને ભારતમાં હવે આરોગ્ય ક્ષેત્ર પણ કંપનીઓનાં અંકુશ અને સંચાલન ખાનગી ક્ષેત્ર નફા માટે કામ કરે છે અને ભારતમાં હવે આરોગ્ય ક્ષેત્ર પણ કંપનીઓનાં અંકુશ અને સંચાલન જેવી જાહેર વસ્તુ પૂરી પાડવા માટે તેના પર આધાર રાખી શકાય નહિ."

## દવાઓ

દવાઓની બાબતમાં પણ પરિસ્થિતિ ચિંતાજનક છે. ૨૦૦૪થી ભારત સરકાર સતત એમ કહેતી રહી છે કે આવશ્યક દવાઓ વાજબી ભાવે ઉપલબ્ધ કરાશે. સરકાર દ્વારા નિયુક્ત અનેક સમિતિઓએ તે અંગે વિવિધ પદ્ધતિઓ સૂચવી છે. પરંતુ હકીકત એ છે કે ૧૯૯૫માં ૭૪ દવાઓના ભાવ પર સરકાર અંકુશ રાખતી હતી અને આજે પણ એ જ યાદી યથાવત છે. આ યાદીમાંની ઘણી બધી દવાઓ જરીપુરાણી થઈ ગઈ છે એમ છતાં તે ચાલુ છે. ૨૦૦૬માં ભારત સરકારે નવી ઔષધ નીતિ જાહેર કરી પરંતુ ભાવ નિયંત્રણ અંગે તેણે હજુ સુધી કોઈ જાહેરાત કરી નથી.

તાજેતરમાં સરકાર દ્વારા જન ઔષધિ નામે દુકાનો ખોલાઈ છે. તેમાં આવશ્યક દવાઓ સસ્તા ભાવે વેચવામાં આવે છે. આ એક આવકારદાયક પગલું છે. પણ એ વિકલ્પ નહીં પણ પૂરક જ બની શકે. અત્યારે દેશમાં માત્ર ૮ ટકા દવાઓ જ જાહેર સવલતો દ્વારા પૂરી પડાય છે. વાસ્તવમાં, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન દ્વારા તમામ આવશ્યક દવાઓ જાહેર આરોગ્ય સવલતો દ્વારા પૂરી પાડવામાં આવશે એવું વચન અપાયું હતું જે પૂર્ણ કરવાની જરૂર છે.

## ગ્રામ વિકાસ માટે બજેટમાં પ્રાથમિકતા

૨૦૦૪-૦૫થી સતત ૨૦૦૭-૦૮ સુધી ગ્રામ વિકાસનાં વિવિધ ક્ષેત્રો માટેની બજેટની ફાળવણી વધતી ગઈ છે. ૨૦૦૮-૦૯માં ગ્રામ વિકાસ માટેની બજેટ ફાળવણીમાં મોટો વધારો કરવામાં આવ્યો હતો. ૨૦૦૭-૦૮ કરતાં આ ફાળવણી ૭૯ ટકા જેટલી વધી હતી. જો કે, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં આ વલણ દેખાતું નથી. ૨૦૧૦-૧૧ના બજેટ અંદર એમ દર્શાવે છે કે ગ્રામ વિકાસ માટેની બજેટ ફાળવણી કુલ ઘરેલૂ ઉત્પાદન (જીડીપી)ના ૧.૧ ટકા જેટલી હતી. જે ૨૦૦૯-૧૦માં ૧.૨ ટકા જેટલી હતી.

ગ્રામ વિકાસ માટેની બજેટ ફાળવણીના સંદર્ભમાં કેન્દ્ર સરકારનાં છેલ્લાં ૨ અંદાજપત્રો નિરાશાજનક લાગે છે. અર્થતંત્ર મંદીમાંથી બહાર આવી રહ્યું છે અને વસ્તુઓના ભાવો વધી રહ્યા છે ત્યારે ગ્રામીણ રોજગારી અને જીવનનિર્વાહની સલામતી માટે સરકારે બજેટમાં પ્રાથમિકતાના ધોરણે જોગવાઈઓ વધારવી જોઈએ. ૧૧મી પંચવર્ષીય યોજનામાં જે ભૌતિક લક્ષ્યાંકો દર્શાવવામાં આવ્યા છે તે સિદ્ધ થશે કે કેમ તેના વિશે શંકા પ્રવર્તે છે અને ૧૧મી પંચવર્ષીય યોજનાનો સમયગાળો આવતે વર્ષે પૂરો થઈ રહ્યો છે.

સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (એસજીએસવાય) માટે જેટલી ફાળવણી કરવામાં આવે છે તે ફાળવણીનો પૂરતો ઉપયોગ કરવામાં આવતો નથી એમ જણાઈ આવે છે. ૨૦૦૪-૦૫માં ૮૫.૫ ટકા રકમ વાપરવામાં આવી હતી. જ્યારે ૨૦૦૮-૦૯માં ૭૩.૩ ટકા રકમ વાપરવામાં આવી હતી. જો કે, ૨૦૦૪-૦૫માં ૧૧.૧૫ લાખ લોકોને સહાય આપવામાં આવી હતી અને ૨૦૦૮-૦૯માં ૧૮.૨૫ લાખ લોકોને સહાય અપાઈ હતી. કારણ કે ૨૦૦૪-૦૫માં રૂ. ૧,૨૯૧ કરોડનો ખર્ચ થયો હતો, જ્યારે ૨૦૦૮-૦૯માં રૂ. ૨૧૯૮ કરોડનો ખર્ચ થયો હતો. પરંતુ ગ્રામ વિકાસ માટે વાસ્તવિક સંદર્ભમાં ખરેખર કેટલો ખર્ચ વધ્યો છે તે મહત્ત્વનું બને છે કારણ કે ફુગાવાનો દર તાજેતરના વર્ષોમાં ઘણો ઊંચો ગયો છે.

સ્રોતઃ સિટિઝન્સ રિપોર્ટ ઓન ગવર્નન્સ એન્ડ ડેવલપમેન્ટ - ૨૦૧૦, નેશનલ સોશ્યલ વોચ, સેજ પબ્લિકેશન્સ. વેબસાઈટઃ www.sagepub.in

# ગુજરાતમાં નરેગા હેઠળ સામાજિક અન્વેષણ: વ્યવસ્થા અને પ્રક્રિયાઓ

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાની કલમ-૧૭ પ્રમાણે યોજનાના આયોજન, અમલ અને સમીક્ષા વધારે સહભાગી અને ઉત્તરદાયી બનાવવાના ઉદ્દેશથી ફરજિયાત સામાજિક ઓડિટ (અન્વેષણ)ની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં સામાજિક અન્વેષણ માટે જે વ્યવસ્થાઓ થઈ છે અને જે પ્રક્રિયાઓ અપેક્ષિત છે તેને વિશેની વિગતો આ લેખમાં આપવામાં આવી છે. સામાજિક અન્વેષણની પ્રક્રિયા રાજ્યવ્યાપી બને અને ફરિયાદોનું નિવારણ અસરકારક રીતે થાય તે આ વ્યવસ્થાનો ઉદ્દેશ છે.

**પ્રસ્તાવના**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા - ૨૦૦૫ અન્વયે સામાજિક અન્વેષણ હાથ ધરવું ફરજિયાત છે. તેનો હેતુ ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવાનો છે. સમાજના અસહાય લોકોને માગે ત્યારે કામ મળે અને સમયસર વેતન મળે તે સુનિશ્ચિત કરવાનો પણ તેનો ઉદ્દેશ છે. પારદર્શિતા અને ઉત્તરદાયી પર્યાવરણ ઊભું કરવા અને ગેરરીતિઓ તથા કાયદાના ભંગ સામે સ્થાનિક લોકો અવાજ ઉઠાવે તે માટે ગુજરાતમાં છેલ્લાં બે વર્ષથી આ યોજનામાં સામાજિક અન્વેષણની પ્રક્રિયા વિકસાવવામાં આવી છે અને કાર્યગત કરાઈ છે.

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રણેય સ્તરની પંચાયતોમાં કઈ ફરિયાદો છે તે ઓળખી કાઢવા માટે બહુપાંખિયો અભિગમ અપનાવવામાં આવ્યો છે. નાગરિકો દ્વારા જે ફરિયાદો રજૂ કરવામાં આવે છે અને જિલ્લા સ્તરના દેખરેખકારો મારફતે જે ફરિયાદો આવે છે તે નિયમિત રીતે જોવામાં આવે છે કે જેથી મજૂરોની દૃષ્ટિએ તે શું છે તેની ખબર પડે. એનો હેતુ ભ્રષ્ટાચારી રીતરસમો શોધી કાઢવાનો નથી પરંતુ યોજના બરાબર કામ કરે તે માટે અસરકારક તંત્ર ઊભું કરવાનો છે.

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સામાજિક અન્વેષણ અને ફરિયાદોના નિવારણ માટે રાજ્યવ્યાપી તંત્ર વિકસાવાયું છે. તે મુખ્ય સચિવ અને અધિક કમિશનરની સીધી વહીવટી દેખરેખ હેઠળ કામ કરે છે. રાજ્ય સરકારે એક સ્વતંત્ર સંસ્થા તરીકે 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન'ને તેની વ્યવસાયી કુશળતા ચકાસ્યા પછી આમંત્રી છે કે જે સામાજિક અન્વેષણની રાજ્યવ્યાપી પ્રક્રિયાને કાર્યાન્વિત કરે. 'ઉન્નતિ' સ્વતંત્ર રીતે કામ કરે છે, પરંતુ તે રાજ્ય સરકારનાં વિવિધ સ્તરો સાથે સહયોગ સાધે છે અને નિર્ધારિત સમયપત્રકમાં સામાજિક અન્વેષણનું આયોજન કરે છે. તે સમયપત્રક તૈયાર કરે છે, તાલીમનું મોડ્યુલ તૈયાર કરે છે, તાલીમ ગોઠવે છે, સામાજિક અન્વેષણની પ્રક્રિયા પર દેખરેખ રાખે છે અને આખરી અહેવાલ તૈયાર કરે છે.

સામાજિક અન્વેષણ એ કોઈ ત્રીજા પક્ષને આપવામાં આવેલા કોન્ટ્રેક્ટની પ્રક્રિયા નથી પણ એ કાર્યક્રમ કાર્યક્ષમ રીતે ચાલે એ માટેનો સંયુક્ત પ્રયાસ છે. અહીં સામાજિક અન્વેષણમાં જે પ્રક્રિયા હાથ ધરાય છે તેનાં મહત્ત્વનાં લક્ષણોની તેનાં કેટલાંક પરિણામો સાથે રૂપરેખા આપવામાં આવી છે.

## સામાજિક અન્વેષણ હાથ ધરવાનાં ચાવીરૂપ પગલાં

### ૧. સામાજિક અન્વેષણનું સમયપત્રક

સામાજિક અન્વેષણ દર છ મહિને એક વાર હાથ ધરવામાં આવે છે. તે માટે ૨૦થી ૩૦ દિવસની ઝુંબેશ ચલાવવામાં આવે છે. આ માટે તાલુકા પંચાયતને એક જાહેરનામું મોકલવામાં આવ્યું છે કે જેઓ ગ્રામ પંચાયત સ્તરે સામાજિક અન્વેષણ હાથ ધરવા માટે જવાબદાર છે. સામાન્ય રીતે, દરેક નાણાકીય વર્ષમાં તે ઓક્ટોબર-નવેમ્બર અને એપ્રિલ-મે દરમ્યાન યોજવામાં આવે છે. તાલુકા પંચાયતની કચેરી ગ્રામ પંચાયતો માટેનું સમયપત્રક તૈયાર કરે છે. ગ્રામ સભાની તારીખના ૧૫ દિવસ અગાઉ તેની ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવે છે.

ગુજરાતમાં સરકાર જિલ્લા આયોજન સમિતિઓના જિલ્લા આયોજન સંયોજકોની સાથે પરામર્શ કરીને તારીખો જાહેર કરે છે. સામાન્ય રીતે એવો સમય પસંદ કરવામાં આવે છે કે જેથી લોકો અને સરકારી અધિકારીઓ ગ્રામ સભામાં ભાગ લઈ શકે. વિવિધ સંસ્થાઓ સાથેના સંકલનમાં સમગ્ર પ્રક્રિયાનું આયોજન થાય છે અને તેનો અમલ થાય છે. આ સંસ્થાઓમાં સામાજિક અન્વેષણ માટેની સ્વતંત્ર સંસ્થા તરીકે 'ઉન્નતિ', જુદા જુદા સ્તરનું વહીવટી તંત્ર, તાલુકા સંસાધન જૂથ તરીકે કોઈક સ્વતંત્ર નાગરિક, જિલ્લા કાર્યક્રમ સંયોજક, કાર્યક્રમ અધિકારી અને 'ઉન્નતિ' દ્વારા નિમાયેલા જિલ્લા સ્તરના દેખરેખકારોનો સમાવેશ થાય છે.

'ઉન્નતિ'એ નિયમાવલિ, માળખું, ફિલ્મ અને ફ્લિપ ચાર્ટ જેવાં તાલીમનાં સાધનો સામાજિક અન્વેષણ હાથ ધરવા માટેનાં વિકસાવ્યાં છે.

અધિકારીઓને તે સ્વીકાર્ય છે અને તેમણે તેમનો ઉપયોગ કર્યો છે. તેમણે તેનો કોઈ પ્રતિકાર કર્યો નથી. તાલુકા કક્ષાના અધિકારીઓ દ્વારા તાલીમોનું આયોજન કરાયું અને 'ઉન્નતિ' દ્વારા નિષ્ણાતો પૂરા પાડવામાં આવ્યા.

### ૨. સામાજિક અન્વેષણના સુલભકર્તાઓ

તાલુકા પંચાયત સ્તરે સ્વતંત્ર નાગરિકોનું બનેલું એક તાલુકા સંસાધન જૂથ રચવામાં આવ્યું છે. સામાજિક અન્વેષણ કરાવવામાં તેમને કેટલો રસ છે તે ધ્યાનમાં લઈને તેમાં નાગરિકોની પસંદગી કરવામાં આવી છે. આ જૂથના સભ્યોને સામાજિક અન્વેષણના દરેક દોર પહેલાં તાલીમ આપવામાં આવી કે જેથી તેઓ અસરકારક રીતે ગામની તકેદારી અને દેખરેખ સમિતિને સામાજિક અન્વેષણ યોજવા માટે, દસ્તાવેજોની ખરાઈ કરવા માટે, કામનાં સ્થળો અને કાર્યવાહીની નોંધો ચકાસવા માટે તાલીમ આપી શકે.

આ તંત્ર ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ હેઠળ સુસંગત છે કારણ કે સામાજિક અન્વેષણની પ્રક્રિયા યોજના માટે માત્ર ગ્રામ સભાના સભ્યો જ પાત્ર છે. ગામની તકેદારી અને દેખરેખ સમિતિના એક સભ્ય પોતે જ સામાજિક અન્વેષણ માટેની ગ્રામ સભાનું અધ્યક્ષસ્થાન સંભાળે છે અને તાલુકા સંસાધન જૂથના સભ્યો તેમને જરૂરી ટેકો પૂરો પાડે છે.

સામાજિક અન્વેષણ માટે જવાબદાર 'ઉન્નતિ' સાથે પરામર્શ કરીને જિલ્લા વહીવટી તંત્રના વચગાળાના સ્તર દ્વારા તાલુકા સંસાધન જૂથના સભ્યો નક્કી કરવામાં આવે છે. એ પસંદગી એ રીતે કરવામાં આવે છે કે તાલુકા સંસાધન જૂથના સભ્યો સાથે કોઈ ઔપચારિક કરાર કરવામાં આવતો નથી. તેમની સેવાઓ સ્વૈચ્છિક ધોરણે માગવામાં આવે છે. એવી અપેક્ષા હોય છે કે તાલુકા સંસાધન જૂથના એક સભ્ય એક સામાજિક અન્વેષણ માટે ચાર દિવસ કામ કરશે. તેમાં આટલી બાબતોનો સમાવેશ થાય છે:

૧. કામો, હાજરીપત્રક, ચુકવણી, ખરીદવામાં આવેલી સામગ્રી અને કામનાં સ્થળો વિશે માહિતી ભેગી કરવી.
૨. કામદારોની ચકાસણી કરવી અને કામના સ્થળની મુલાકાત લેવી.
૩. સામાજિક અન્વેષણના સ્થળે માહિતી જાહેર કરવી. માહિતી જાહેર કરવા માટેનું એક પત્રક તૈયાર કરવામાં આવ્યું છે.
૪. લોકોને પોતાની કેફિયત રજૂ કરવા માટે તૈયાર કરવા કે પ્રેરણા આપવી.
૫. ગામની તકેદારી અને દેખરેખ સમિતિને તાલીમ આપવી.
૬. સામાજિક અન્વેષણ ગામની તકેદારી અને દેખરેખ સમિતિ દ્વારા હાથ ધરાય તે માટે તેને ટેકો આપવો અને અહેવાલ તૈયાર કરવો.

તાલુકા સંસાધન જૂથના સભ્યોને સામાજિક અન્વેષણ પૂરું થયે ચાર દિવસના કામના રૂ. ૮૦૦ આપવામાં આવે છે. આ સભ્યો એકંદરે તટસ્થ રહે અને તેઓ કામદારોના અધિકારો પર ધ્યાન આપે એના ઉપર ધ્યાન આપવામાં આવે છે અને સામાજિક અન્વેષણ માટે નિયુક્ત 'ઉન્નતિ' દ્વારા તેમના ઉપર દેખરેખ રાખવામાં આવે છે.

### ૩. સામાજિક અન્વેષણનું અહેવાલ લેખન

સામાજિક અન્વેષણની પ્રક્રિયા દરમ્યાન જે ફરિયાદો અને ગેરરીતિઓ જાહેરમાં પ્રકાશમાં આવે છે એ તમામનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે અને તેમનો ઉકેલ ના આવે ત્યાં સુધી એ તમામ ઉપર જિલ્લા સ્તરે અને રાજ્ય સ્તરે દેખરેખ રાખવામાં આવે છે. ફરિયાદોને ૧૦ ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. કામો થયાં જ ન હોય, ભૂતિયા કામદારો હોય, મશિનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અને અન્ય ગેરરીતિઓ થઈ હોય તો તેમના ઉપર ગ્રામ વિકાસ વિભાગ સીધું જ ધ્યાન આપે છે. આવી ગેરરીતિઓ માટે નાણાં પરત મેળવવા માટે અને કાનૂની પગલાં ભરવા માટે હુકમ કરવામાં આવે છે.

ગયા નાણાકીય વર્ષમાં લગભગ રૂ. ૨ કરોડની રકમ પરત મેળવવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને લગભગ ૩૦ અધિકારીઓ સામે કાનૂની પગલાં ભરવામાં આવ્યાં હતાં. મોડી ચુકવણી, જોબ કાર્ડ અને પાસબૂક કામદારો પાસે ન હોવાં વગેરે જેવી ગેરરીતિઓ માટે જિલ્લા સ્તરના અધિકારીઓને તેમનો ઉકેલ લાવવા માટે અને પરિસ્થિતિ સુધારવા માટે ટેકો આપવામાં આવે છે. કાનૂની જોગવાઈઓનું બરાબર પાલન થાય તે માટે નિયમિતપણે સમીક્ષા બેઠકો યોજવામાં આવે છે.

## અન્ય વ્યવસ્થાઓ

દર છ મહિને સામાજિક અન્વેષણ માટે ઝુંબેશ ચલાવવામાં આવે છે, તે ઉપરાંત પણ ક્ષમતાવર્ધક પર્યાવરણ ઊભું કરવા માટે જિલ્લા કાર્યક્રમ સંયોજક દર મહિને એક જિલ્લામાં એક પંચાયતના ધોરણે સામાજિક અન્વેષણ હાથ ધરે છે. તેને પરિણામે ચકાસણી અને સામાજિક અન્વેષણની પ્રક્રિયાને એક પ્રકારનું સંસ્થાકીય સ્વરૂપ મળ્યું છે. સામાજિક અન્વેષણની તમામ પ્રક્રિયાઓ વ્યવસ્થિત થાય તે માટે અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) જિલ્લા કાર્યક્રમ સંયોજક હોય છે. તે હાજર હોવાથી સામાજિક અન્વેષણને લોકસ્વીકૃતિ મળે છે. સામાજિક અન્વેષણને લોકસ્વીકૃતિ આપે છે. 'ઉન્નતિ' જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીઓ સાથે મળીને સામાજિક અન્વેષણના કામ માટેની પૂર્વભૂમિકા તૈયાર કરે છે. સામાજિક અન્વેષણમાં તમામ દસ્તાવેજો લોકો સમક્ષ તપાસ માટે ખુલ્લા મૂકવામાં આવે છે, મજૂરોની

## સામાજિક અન્વેષણના મૂળભૂત સિદ્ધાંતો

**પારદર્શિતાઃ** વહીવટ તથા નિર્ણયો લેવાની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા, લોકોને સ્વૈચ્છિક રીતે સુસંગત માહિતી સુધી પહોંચાડવા માટે સરકાર કર્તવ્યભાન ધરાવે છે.

**સહભાગિતાઃ** બધા અસરગ્રસ્ત લોકોને નિર્ણય લેવાની તથા તેને યોગ્ય ઠરાવવાની પ્રક્રિયામાં ભાગ લેવાના અધિકારો છે. એનાથી સામૂહિક નિર્ણય પ્રક્રિયાને પ્રોત્સાહન મળે છે.

**જવાબદારીઃ** ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સરકારી કાર્યકર્તાઓ અસરગ્રસ્ત લોકોને ક્રિયાઓ અથવા પ્રક્રિયાઓ માટે જવાબદાર છે.

## સામાજિક અન્વેષણના હેતુઓ

- કાર્યક્રમના આયોજન તથા અમલમાં સ્થાનિક જરૂરિયાતોનો સમાવેશ થાય છે કે નહીં તેની તપાસ લોકો પોતે જ કરે.
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના લાભાર્થીઓમાં જાગૃતિ ઊભી કરવી.
- વિકાસલક્ષી કાર્યક્રમોની ક્ષમતા તથા અસરકારતા ચકાસવાં તથા આ કાર્યક્રમો વધારે સારી રીતે સફળ થાય તે માટે સુધારા માટે ઉપાયો શોધવા.
- ગ્રામીણ ગરીબોના હિત તથા અગ્રતાક્રમને ખ્યાલમાં રાખીને જુદા જુદા નીતિવિષયક નિર્ણયોની બારીકાઈથી તપાસ કરવી.
- જેને જાહેર સેવાઓ સમયસર પ્રાપ્ત ન થતી હોય તેવા હિતધારકો માટે તકના મૂલ્યનો અંદાજ કાઢવો.

ચકાસણી કરવામાં આવે છે અને ગ્રામવાસીઓની જે કેફિયતો લેવામાં આવી હોય છે તે જાહેરમાં રજૂ કરવામાં આવે છે.

તમામ જિલ્લામાં જે જિલ્લા સ્તરના દેખરેખકારોની નિમણૂક સ્વતંત્ર સંસ્થા દ્વારા કરવામાં આવી છે તેઓ દર મહિને ત્રણથી ચાર તાલુકામાં લગભગ ૨૦ ગ્રામ પંચાયતોની મુલાકાત લે છે. આ મુલાકાતો દરમ્યાન તેઓ મજૂરો સાથે વાતચીત કરે છે અને કામનાં સ્થળોની મુલાકાત લે છે અને ગેરરીતિઓની નોંધ કરે છે.

એક મહિનામાં લગભગ ૫૦૦ ફરિયાદો નોંધવામાં આવે છે અને સુધારાત્મક પગલાં અથવા અન્ય કોઈ પગલાં લેવા માટે તે સત્તાવાર રીતે જિલ્લાના અધિકારીઓને જણાવવામાં આવે છે. તેમની મુલાકાતો ગેરરીતિઓ ઘટાડવામાં સીધી અસર પાડે છે. તેઓ સ્વતંત્ર રીતે કામ કરે છે પણ જિલ્લાના અધિકારીઓ સાથે તેઓ સતત સંકલન સાધે છે.

યોજનાની માર્ગરેખાઓ અનુસાર ફરિયાદોના નિકાલ માટે જિલ્લા સ્તરે એક લોકપાલની નિમણૂક કરવામાં આવી છે. તેઓ સામાજિક ઓડિટ હાથ ધરવા માટે જિલ્લા સ્તરના અધિકારીઓ અને 'ઉન્નતિ' સાથે સંકલન સાધીને કામ કરે છે.

લોકોની ફરિયાદો નોંધવા માટે 'ઉન્નતિ' ખાતે એક વિનામૂલ્યે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ભીંતો પર લખાણ લખીને અને ચોપાનિયાં છાપીને એ હેલ્પલાઈનનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. હાલ દરરોજ ૨૫થી ૩૦ ફોન આવે છે અને તેમાંથી ત્રણથી પાંચ ફોન ફરિયાદો સાથે સંબંધિત હોય છે. જે દિવસે ફોન આવે છે એ જ દિવસે ફોન કરનારને ફરિયાદ નોંધવામાં આવી છે એવી રસીદ આપવામાં આવે છે અને તરત જ તેની નકલ જિલ્લા સ્તરના અધિકારીને મોકલવામાં આવે છે, કે જેથી તેઓ પગલાં લઈ શકે. જો કોઈ ગંભીર મુદ્દાઓ વિશે સમયસર ધ્યાન ન અપાય તો વિશેષ સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવે છે.

સામાજિક અન્વેષણ હાથ ધરવા માટેની ઝુંબેશ દરમ્યાન અત્યાર સુધીમાં દર છ મહિને ૨૫૦૦ એટલે કે દર વર્ષે ૫૦૦૦ કેસો આવ્યા છે. જિલ્લા સ્તરના દેખરેખકારો દર મહિને લગભગ ૫૦૦ એટલે કે દર વર્ષે ૬૦૦૦ કેસ ઓળખી કાઢે છે, એક જિલ્લા એક પંચાયત કાર્યક્રમ હેઠળ દર મહિને લગભગ ૧૫ એટલે કે દર વર્ષે ૧૮૦ કેસ હાથ ધરાય છે, અને હેલ્પલાઈન પર દર વર્ષે ૧૫૦૦ કેસ આવે છે. હાલ કુલ ૧૨૦૦૦ કેસો દર વર્ષે હાથ ધરાય એવું તંત્ર ગોઠવાયું છે. આ તંત્ર નવું છે. આ વ્યવસ્થાની તાકાત એ છે કે કોઈ માળખાગત અવરોધ સામાજિક અન્વેષણની સમગ્ર પ્રક્રિયાને નાકામિયાબ બનાવવ માટે નથી. તાલુકા સંસાધન જૂથો, જિલ્લા સ્તરના દેખરેખકારો અને સામાજિક ઓડિટ કરાવનારાઓ કોઈ સક્રિય પ્રતિકાર કે વિરોધનો સામનો કરતા નથી.

નાગરિક સમાજનાં સંગઠનો આ વ્યવસ્થામાં સામેલ થતાં નથી એવી તેની ટીકા થાય છે. જે તંત્ર ઊભું કરાયું છે તેમાં તાલુકા સંસાધન જૂથના સભ્યો તરીકે સ્વતંત્ર નાગરિક નેતાઓ સંપૂર્ણપણે ભાગીદાર થાય છે અને સામાજિક ઓડિટ માટે માર્ગ પ્રશસ્ત કરે છે. વળી, સામાજિક અન્વેષણનું સમયપત્રક વેબસાઈટ ઉપર મૂકીને વ્યાપક સહભાગિતા નિમંત્રવામાં આવે છે. બિન-સરકારી સંગઠનો અને યુનિવર્સિટીઓને તેની પ્રક્રિયા ઉપર અવલોકન કરવા પણ નિમંત્રવામાં આવે છે.

# સાંપ્રત પ્રવાહ

## શિક્ષણ વિકાસ આંક

શિક્ષણ વિકાસ આંકમાં ગુજરાતનો ક્રમ દેશમાં ૧૫મો આવે છે. ગુજરાતનો શિક્ષણ વિકાસ આંક (એજ્યુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ - ઈડીઆઈ) ૦.૬૫૭ છે. હકીકત એ છે કે ગુજરાતનો આ આંક કેરળ, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ અને આંધ્ર પ્રદેશ કરતાં પણ નીચો છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં લોકસભામાં શિક્ષણ વિકાસ આંક ગણવા પાછળનો હેતુ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકને સિદ્ધ કરવાના સંદર્ભમાં રાજ્ય ક્યાં ઊભું છે તે નક્કી કરવાનો જણાવ્યો હતો.

શાળાએ જતાં ૧૦૦૦ બાળકો દીઠ શાળાની પ્રાપ્યતા કેટલી છે તે સહિત અનેક માપદંડોને આધારે શિક્ષણ વિકાસ આંક કાઢવામાં આવે છે. આ ઉપરાંત, શાળામાં પીવાના પાણીની સવલત, જાજરૂની સગવડ, છોકરીઓ માટે અલાયદાં જાજરૂની સગવડ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું પ્રમાણ, શાળામાં બાળકોની નોંધણીનું પ્રમાણ, અધવચ્ચે શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ અને પાસ થતા વિદ્યાર્થીઓના ટકા વગેરે માપદંડોનો સમાવેશ તેમાં કરવામાં આવે છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે શિક્ષણ વિકાસ આંક એક ઉપયોગી અને મૂલ્યવાન સાધન છે. તેનાથી જરૂરિયાત આધારિત આયોજન થઈ શકે છે અને કઈ બાબતો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અથવા ટેકો આપવાની જરૂર છે તે રાજ્યો નક્કી કરી શકે છે. આ અધિકારીએ જણાવ્યું હતું કે ગ્રામ વિસ્તારોમાં માળખાગત સવલતો સુધારો કરવાનો પ્રયાસ હવે ગુજરાત સરકાર કરી રહી છે. તેમણે કહ્યું કે અનેક શાળાઓમાં પહેલી જ વાર છોકરીઓ માટે અલાયદા જાજરૂની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જો કે, ગુજરાતમાં એવી અનેક શાળાઓ છે કે જ્યાં પીવાના પાણીની સવલત ઉપલબ્ધ નથી. આ અધિકારીએ એમ જણાવ્યું હતું કે ગ્રામ વિસ્તારોમાં અનેક શાળાઓમાં શિક્ષકોનો અભાવ છે.

શિક્ષણ પ્રધાન રમણલાલ વોરાએ એમ કહ્યું હતું કે શિક્ષકોની નિમણૂક થાય તે પછી પણ ઘણા શિક્ષકો ફરજ ઉપર હાજર થતા નથી. તેમણે કહ્યું કે ગ્રામ વિસ્તારોમાં શાળાઓની જરૂરિયાતો નક્કી કરવા માટે જ ગુજરાતમાં ગુણોત્સવ માટેનો કાર્યક્રમ હાથ ધરાયો છે. આ કાર્યક્રમ હેઠળ શિક્ષણની ગુણવત્તા અને માળખાગત સવલતોમાં શી ખામીઓ છે તે શોધી કાઢવામાં આવે છે. શિક્ષણ પ્રધાનનું કહેવું હતું કે ગ્રામ વિસ્તારોમાં હવે બધી શાળાઓમાં પીવાના પાણીની અને સફાઈની સવલતો ઉપલબ્ધ છે. તેમનો દાવો હતો કે તમામ શાળાઓમાં છોકરીઓ માટે અલગ જાજરૂની વ્યવસ્થા પણ થઈ ગઈ છે. શાળા અધવચ્ચે છોડી જતાં બાળકોનું પ્રમાણ ઘટાડવા માટે સરકાર પગલાં લઈ રહી છે એમ તેમણે કહ્યું હતું. સરકારે તાજેતરમાં ગ્રામ વિસ્તારોમાં ૨૫૦ શાળાઓ શરૂ કરી છે અને તેનો ઈરાદો એ છે કે વધુ ને વધુ વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ પૂરું કરે.

## ગુજરાતની વસ્તી ગણતરી–૨૦૧૧

ગુજરાતની કુલ વસ્તી ૨૦૧૧માં ૬.૦૪ કરોડ થઈ છે. દેશમાં સૌથી વધુ વસ્તી ધરાવતાં રાજ્યોમાં ગુજરાતનો ક્રમ ૧૦મો આવે છે. જો કે, દેશની કુલ વસ્તીમાં ગુજરાતનો હિસ્સો ૬ ટકા છે અને દેશના ભૌગોલિક વિસ્તારમાં ગુજરાતનું ક્ષેત્રફળ પણ ૬ ટકા છે. ૨૦૦૧થી ૨૦૧૧ના ગાળા દરમ્યાન ગુજરાતનો વસ્તી વૃદ્ધિ દર ૧૯.૧૭ ટકા રહ્યો છે. તે અગાઉના દાયકા દરમ્યાન ૨૨.૬૬ ટકા હતો. આમ તેનો ૩.૪૯ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો ખરેખર જ નોંધપાત્ર છે. ગુજરાતમાં સૌથી વધુ વસ્તી ધરાવતા જિલ્લા તરીકે અમદાવાદ જિલ્લો છે અને તે પછી સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાનો ક્રમ આવે છે. સૌથી ઓછી વસ્તી ધરાવતા જિલ્લામાં સૌ પ્રથમ ડાંગ અને તે પછી પોરબંદર અને નર્મદા જિલ્લાનો ક્રમ છે.

વસ્તી વધતી જાય છે તેથી વસ્તીની ગીચતા પણ વધતી જાય છે. દર ચો.કિ.મી. દીઠ વસ્તીની ગીચતા ૨૦૦૧માં સમગ્ર ભારતમાં ૩૨૫ હતી, જ્યારે ૨૦૧૧માં ૩૮૨ થઈ છે. આમ, ગીચતા ૫૭ જેટલી વધી છે. બીજી તરફ, ગુજરાતમાં ૨૦૦૧માં વસ્તીની ગીચતા દર ચો.કિ.મી. દીઠ ૨૫૮ હતી અને તે ૨૦૧૧માં ૩૦૮ થઈ છે. આમ, તેમાં ૫૦ જેટલો વધારો નોંધાયો છે.

ગુજરાતમાં સૌથી વધારે વસ્તીની ગીચતા સુરત જિલ્લામાં ૧૩૭૬ છે અને તે પછી બીજા ક્રમે અમદાવાદમાં ૮૯૦ છે. જ્યારે કચ્છ જિલ્લામાં વસ્તીની ગીચતા માત્ર ૪૬ છે અને ડાંગ જિલ્લામાં તે ૧૨૯ છે. આ રીતે જોતાં જણાય છે કે વસ્તીની ગીચતાની દૃષ્ટિએ ગુજરાતમાં જિલ્લાઓ પ્રમાણે ખૂબ મોટો તફાવત નજરે પડે છે.

વસ્તી વૃદ્ધિ દરની વસ્તીએ સૌથી વધારે વસ્તી વૃદ્ધિ દર સુરત જિલ્લાનો છે, જે ૪૨.૧૯ ટકા છે. બીજા ક્રમે સૌથી વધારે વસ્તી વૃદ્ધિ દર ૩૨.૦૩ ટકા કચ્છ જિલ્લાનો રહ્યો છે. સૌથી ઓછો વસ્તી વૃદ્ધિ દર નવસારી જિલ્લાનો ૮.૨૪ ટકા અને અમરેલી જિલ્લાનો ૮.૫૯ ટકા રહ્યો છે.

૬ વર્ષની વય સુધીનાં બાળકો ૭૪.૯૪ લાખ છે, જે ૨૦૦૧ની સરખામણીએ ૩૮,૨૨૮ જેટલાં ઓછાં છે. ગુજરાતમાં આ વયની વ્યક્તિઓનું પ્રમાણ કુલ વસ્તીમાં ૧૨.૪ ટકા જેટલું છે જ્યારે સમગ્ર ભારતમાં તે પ્રમાણ ૧૩.૧ ટકા જેટલું છે. ગુજરાતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઘટી રહ્યું છે તે ચિંતાનો વિષય છે. ૧૯૯૧માં દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ ૯૩૪ હતું. ૨૦૦૧માં તે પ્રમાણ ઘટીને ૯૨૦ થયું છે જ્યારે ૨૦૧૧માં ઘટીને ૯૧૮ થયું છે. ૬ વર્ષ સુધીના બાળકોમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ૧૯૯૧માં ૯૨૮ હતું. ૨૦૦૧માં તે ૮૮૩ થયું હતું અને ૨૦૧૧માં તે થોડુંક વધીને ૮૮૬ થયું છે. દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ સૌથી વધારે ડાંગ જિલ્લામાં ૧૦૦૭ રહ્યું છે તે પછી તાપી જિલ્લામાં ૧૦૦૪ રહ્યું છે. સૌથી ઓછું સ્ત્રી-પુરુષ પ્રમાણ ૭૮૮ અને અમદાવાદ જિલ્લામાં ૯૦૩ રહ્યું છે. સમગ્ર ભારતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ૨૦૦૧માં ૯૩૩ હતું અને ૨૦૧૧માં તે વધીને ૯૪૦ થયું છે. પરંતુ ગુજરાત માટે ચિંતાનો વિષય એ છે કે તે ૯૨૦થી ઘટીને ૯૧૮ થયું છે.

## ગુજરાતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ

| જિલ્લો | ૨૦૦૧ | ૨૦૧૧ | જિલ્લો | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૯૪૨ | ૯૦૭ | ભાવનગર | ૯૩૭ | ૯૩૧ |
| બનાસકાંઠા | ૯૩૦ | ૯૩૬ | આણંદ | ૯૧૦ | ૯૨૧ |
| પાટણ | ૯૩૨ | ૯૩૫ | ખેડા | ૯૨૩ | ૯૩૭ |
| મહેસાણા | ૯૨૭ | ૯૨૫ | પંચમહાલ | ૯૩૮ | ૯૪૫ |
| સાબરકાંઠા | ૯૪૭ | ૯૫૦ | દાહોદ | ૯૮૫ | ૯૮૬ |
| ગાંધીનગર | ૯૧૩ | ૯૨૦ | વડોદરા | ૯૧૯ | ૯૩૪ |
| અમદાવાદ | ૮૯૨ | ૯૦૩ | નર્મદા | ૯૪૯ | ૯૬૦ |
| સુરેન્દ્રનગર | ૯૨૪ | ૯૨૯ | ભરૂચ | ૯૨૧ | ૯૨૪ |
| રાજકોટ | ૯૩૦ | ૯૨૪ | ડાંગ | ૯૮૭ | ૧૦૦૭ |
| જામનગર | ૯૪૧ | ૯૩૮ | નવસારી | ૯૫૫ | ૯૬૧ |
| પોરબંદર | ૯૪૬ | ૯૪૭ | વલસાડ | ૯૨૦ | ૯૨૬ |
| જૂનાગઢ | ૯૫૫ | ૯૫૨ | સુરત | ૮૧૦ | ૭૮૮ |
| અમરેલી | ૯૮૭ | ૯૬૪ | તાપી | ૯૯૬ | ૧૦૦૪ |

## ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ

ગુજરાતમાં સાક્ષરતાનો દર એકંદરે વધ્યો છે અને મહિલાઓમાં સાક્ષરતા દર પણ વધ્યો છે. સમગ્ર ભારતમાં મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૧૧.૭૯ ટકા જેટલું વધ્યું છે. જ્યારે ગુજરાતમાં ૧૨.૯૩ ટકા જેટલું વધ્યું છે. ગુજરાતની આ નોંધપાત્ર સિદ્ધિ છે કારણ કે મહારાષ્ટ્રમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ ૮.૪૫ ટકા, તામિલનાડુમાં ૯.૪૩ ટકા, આંધ્ર પ્રદેશમાં ૯.૩૧ ટકા અને હિમાચલ પ્રદેશમાં ૯.૧૮ ટકા જેટલું જ વધ્યું છે. કર્ણાટકમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ ૧૧.૨૭ ટકા જેટલું વધ્યું છે.

ગુજરાતમાં સૌથી વધારે સાક્ષરતા દર અમદાવાદમાં અને સુરતમાં ૮૬.૬૫ ટકા, આણંદમાં ૮૫.૭૯ ટકા, ગાંધીનગરમાં ૮૫.૭૮ ટકા અને નવસારીમાં ૮૪.૭૮ ટકા જોવા મળે છે. મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી વધારે સુરત જિલ્લામાં ૮૧.૦૨ ટકા છે. જ્યારે અમદાવાદમાં તે ૮૦.૨૯ ટકા, નવસારીમાં ૭૯.૩૦ ટકા, આણંદમાં ૭૭.૬૭ ટકા અને ગાંધીનગરમાં ૭૭.૩૭ ટકા છે.

આદિવાસી જિલ્લાઓમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઊંચું છે એ નોંધનીય બાબત છે. સુરત જિલ્લામાં સ્ત્રી પુરુષ પ્રમાણ ૨૦૦૧માં ૮૧૦ હતું અને તે ઘટીને ૭૮૮ થયું છે. જો કે, તેને માટે સ્થળાંતર મહત્ત્વનું કારણ છે એમ સત્તાવાર રીતે ખુલાસો આપવામાં આવે છે. ગુજરાતના સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં અને ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં સ્ત્રી-પુરુષ પ્રમાણ સતત ઘટી રહ્યું છે એમ જણાય છે. આદિવાસી જિલ્લાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે તેમ છતાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઊંચું છે તે હકીકત નોંધનીય છે.

ડાંગ જિલ્લો સૌથી ઓછો વિકસિત જિલ્લો ગણાય છે પણ સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સૌથી મોટો વધારો એ જિલ્લામાં થયો છે. જે પાંચ તાલુકામાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઊંચું ગયું છે તે બધા જ તાલુકા આદિવાસી છે. વડોદરા જિલ્લાનો કવાંટ તાલુકો સૌથી ગરીબ અને પછાત તાલુકા તરીકે સરકારી દસ્તાવેજોમાં વર્ણવાય છે. પણ આ તાલુકામાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઊંચું ગયું છે. ગુજરાત સરકારનો દાવો છે કે બેટી બચાવો આંદોલનને પરિણામે બાળકોમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઊંચું લઈ જવામાં વિધાયક પરિણામો મળ્યાં છે. જો કે, ઉત્તર ગુજરાતનો મહેસાણો જિલ્લો અને સૌરાષ્ટ્રના જામનગર, ભાવનગર, અમરેલી અને રાજકોટ જિલ્લાઓમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ ઘટ્યું છે કે જે જિલ્લાઓમાં વસ્તીની દૃષ્ટિએ પટેલ જ્ઞાતિનો પ્રભાવ ઘણો મોટો છે.

# સંદર્ભ સાહિત્ય

## નારી મુક્તિ આંદોલનઃ પ્રશ્નો અને પડકારો, નારી આંદોલનનો ઈતિહાસ, ભાગ-૪

આ પુસ્તક નારી આંદોલનના ઈતિહાસ અને વર્તમાનના પડકારોનું આલેખન કરે છે. આ પુસ્તક 'ઉન્નતિ' અને 'સહિયર'નો સહિયારો પ્રયાસ છે. ભારતમાં નારી આંદોલનના ઈતિહાસના આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. પરંતુ આ પુસ્તિકાની એક સવિશેષ ઉપયોગિતા છે. તેમાં સંવાદના સ્વરૂપમાં નારી આંદોલનનો ઈતિહાસ અને વર્તમાન પડકારો વિશે સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રિય કાર્યકરોની સ્ત્રી-પુરુષ ભેદભાવ, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળવામાં આવ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ સાંકળવામાં આવ્યા છે.

આ નારી આંદોલનનો ઈતિહાસ ચાર ભાગમાં તૈયાર કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. આ પુસ્તક આ શ્રેણીનો ચોથો ભાગ છે. આ સમગ્ર શ્રેણી નારી આંદોલનની ઐતિહાસિક પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થાય તેમ છે. આ શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરોને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતા સમજાવવામાં ઉપયોગી થઈ શકે તેમ છે.




આ ચોથા અને આખરી ભાગમાં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા, તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિષ કરવામાં આવી છે. આ પુસ્તિકામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થયો છેઃ


(૧) સ્ત્રીઓનું સ્ત્રીઓ દ્વારા સ્ત્રીઓ માટેનું સ્વાયત્ત નારી આંદોલન (૨) સ્ત્રીઓ પરની હિંસા એ અંગત મામલો નથીઃ બળાત્કાર વિરોધી સંઘર્ષ (૩) દહેજ નહીં, મિલકતમાં અધિકાર આપોઃ દહેજ, દહેજ-હત્યા અને કુટુંબમાં હિંસા સામે સંઘર્ષ (૪) ગર્ભ જાતિ પરીક્ષણ અને પસંદગી વિરુદ્ધ ઝુંબેશ (૫) કૌટુંબિક કાયદાઓ સામે સંઘર્ષ (૬) કોમવાદનું રાજકારણ અને સ્ત્રીઓના સવાલો (૭) વૈશ્વિકીકરણમાં માધ્યમો, સૌંદર્ય સ્પર્ધાઓ અને વિકાસ નીતિ (૮) સશક્તિકરણ તરફ એક ડગલુંઃ વિકાસ કાર્યક્રમો, સ્વસહાય જૂથો, રાજકારણમાં ભાગીદારી (૯) વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો.

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે. આ પુસ્તિકા તેની ગરજ સારે છે. પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્ય વિસ્તારના લોકસમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા, પ્રભુત્વ ધરાવતાં વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઉઠીને તમામ સીમાંત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમનાં અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિષ કરવામાં આવી છે. પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલા વિરોધના મહત્ત્વના મુદ્દાઓ અને બનાવો તથા તેમનું વિશ્લેષણ આપવાની કોશિશ આપવામાં આવી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', અને 'સહિયર': જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે, નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨ ઈમેલઃ sahiyar@gmail.com


## સુપ્રિમ કોર્ટ ઔર મુસ્લિમ નિજી કાનૂન

હિંદીમાં લખાયેલું આ પુસ્તક મુસ્લિમ મહિલાઓના અધિકારો પ્રસ્થાપિત કરતા જે કેટલાક ચુકાદા ભારતની સર્વોચ્ચ અદાલતે આપ્યા છે તેને સરળ ભાષામાં રજૂ કરે છે. આ પુસ્તકમાં આવા કેટલાક ૪૩ ચુકાદાઓની યાદી આપવામાં આવી છે. આ ચુકાદાઓ મૂળભૂત રીતે મુસ્લિમ મહિલાઓના અધિકારો કેવી રીતે ઊભા થાય છે તે દર્શાવે છે. આ ચુકાદાઓમાં નીચે મુજબના વિષયો આવરી લેવામાં આવ્યા છેઃ (૧) બહુપત્નીત્વ અને મુસ્લિમ મહિલાઓ (૨) ઈસ્લામ, મુસ્લિમ કાયદો અને બહુપત્નીત્વ (૩) ખૂબ લાંબા સમય સુધી સતત પતિ-પત્ની તરીકે સ્ત્રી-પુરુષ રહે ત્યારે કાનૂની લગ્નની ધારણા (૪) સગર્ભા સ્ત્રી સાથે લગ્નની કાયદેસરતા (૫) લગ્નની ફરજિયાત નોંધણી (૬) મુસ્લિમ પિતાની પોતાનાં બાળકો પ્રત્યેની જવાબદારી અને ભરણપોષણ આપવાની જવાબદારી (૭) ભરણપોષણ નક્કી કરતી વખતે બાળકનું કલ્યાણ સૌથી મહત્ત્વનું (૮) અવિવાહિત માના બાળકનું રક્ષણ (૯) બાળકની કાયદેસરતા (૧૦) ત્રણ વખત બોલીને તલાક આપવાની બાબતની કાયદેસરતા (૧૧) મુસ્લિમ ખાનગી કાનૂન-૧૯૩૭ની કાયદેસરતા (૧૨) મુસ્લિમ લગ્નની અદાલત (૧૩) ફતવાની કાયદેસરતા (૧૪) મેહરનો અધિકાર અને વિધવાઓ (૧૫) છૂટાછેડા પછી ભરણપોષણ આપવાની પતિની જવાબદારી (૧૬) પુરુષની નપુંસકતા અને સ્ત્રીને ભરણ પોષણ (૧૭) મુસ્લિમ કાનૂન અનુસાર લગ્ન અને ફોજદારી કાર્યવાહી અધિનિયમ હેઠળ મુસ્લિમ મહિલાને ભરણપોષણ (૧૮) પતિ દ્વારા અનુચિત ધમકીઓ અને પત્નીને ભરણપોષણ (૧૯) રાજ્ય વકફ બોર્ડ અને મહિલાનું ભરણપોષણ (૨૦) વિવાહિત મહિલાને મૌખિક રીતે અપાતી ભેટ (૨૧) બહુપત્નીત્વ અને પ્રથમ પત્નીને ભરણપોષણ (૨૨) લગ્નને લીધે મળતા સંપત્તિના અધિકારો (૨૩) મુસ્લિમ વ્યક્તિગત કાનૂનમાં અદાલતો દ્વારા હસ્તક્ષેપ મારફતે સુધારા. આ પ્રકાશન મહિલાઓના અધિકારો માટે લડતા એક વકીલ અને કર્મશીલ દ્વારા લખવામાં આવ્યું છે.




લેખકઃ સૌમ્યા ઉમા, અનુવાદકઃ સોફિયા ખાન અને સાથીઓ. પ્રાપ્તિસ્થાનઃ સફર, ડી-૧ રીજન્સી પાર્ક પ્લાઝા, અંબર ટાવરની સામે, સરખેજ મેઈન રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૫. ફોનઃ ૦૭૯-૨૬૮૨૦૨૭૨. ઈમેલઃ safar7@rediffmail.com

## ધ હેન્ડબુક ઓન ગૂડ ગવર્નન્સ ફોર ધ વોલન્ટરી સેક્ટર




સ્વૈચ્છિક ક્ષેત્રના સંદર્ભમાં સુશાસન અંગે આ પુસ્તક અગત્યનું છે. સુશાસનનો ખ્યાલ વધારે સારી રીતે સમજાવવાનો પ્રયાસ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. સ્વૈચ્છિક સંગઠનો અને કર્મશીલો સ્વૈચ્છિક ક્ષેત્રની અંદર જરૂરી કૌશલ્યો વિકસાવીને અસરકારક શાસન વ્યવસ્થા ગોઠવે એ માટે આ પુસ્તિકા અગત્યની બને છે. સ્વૈચ્છિક સંગઠનોની શાસન વ્યવસ્થા કેવી હોય અને તે કેવી રીતે પારદર્શી બને તેને વિશેની સમજુતી આ પુસ્તકમાં આપવામાં આવી છે. પુસ્તકના આરંભમાં સુશાસનનો ખ્યાલ સમજાવવામાં આવ્યો છે અને સ્વૈચ્છિક સંગઠનો માટે ભારતમાં જે કાનૂની માળખું અસ્તિત્વમાં છે તેના ઉપર વિહંગાવલોકન કરાયું છે. સ્વૈચ્છિક સંગઠનના સંચાલક મંડળની ભૂમિકા અને જવાબદારીઓ શું હોઈ શકે તે પણ તેમાં સમજાવાયું છે. સંચાલક મંડળ પાસેથી જે નક્કર અપેક્ષાઓ રાખવામાં આવે છે તેનું વ્યાપક ચિત્ર આ પુસ્તકમાં રજૂ કરાયું છે. સુશાસન માટેની પ્રક્રિયાઓ અને માળખાં જણાવવામાં આવ્યાં છે. સંચાલક બોર્ડના સભ્યોની પસંદગી, હિતસંઘર્ષ, કામની વિગતો અને સંચાલક બોર્ડની બેઠકો અને સમિતિઓ વિશે ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકમાં છેવટે પરિશિષ્ટોમાં આ અંગે વિગતવાર માળખાં તૈયાર કરીને આપવામાં આવ્યાં છે. તેમાં બોર્ડની બેઠકની નોંધ કેવી રીતે લખવી તથા સ્વૈચ્છિક સંગઠનની કાર્યવાહી અને તેની જાહેરાતની નીતિ કેવી હોય તેને વિશે પણ વિગતે માળખું તૈયાર કરી આપવામાં આવ્યું છે કે જેનો ઉપયોગ બિન-સરકારી સંગઠનો કરી શકે છે.

સ્વૈચ્છિક ક્ષેત્રનાં સંગઠનો જ્યારે નાગરિક સમાજના સભ્યો તરીકે સરકાર અને કંપનીઓ પાસેથી પારદર્શિતા અને ઉત્તરદાયિત્વની અપેક્ષા રાખે છે ત્યારે તેઓ કેવી રીતે પારદર્શી અને ઉત્તરદાયી બની શકે તેની ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે. કોઈ પણ બિન-સરકારી સંગઠન આ પુસ્તકનો ઉપયોગ કરીને વધારે પારદર્શી અને ઉત્તરદાયી બની શકે છે.

પ્રાપ્તિસ્થાનઃ વાણી, બીબી-૫, પહેલો માળ, ગ્રેટર કૈલાશ એન્કલેવ-૨, નવી દિલ્લી ૧૧૦ ૦૪૮. ફોનઃ ૦૧૧-૨૯૨૨૬૬૩૨. ઈમેલઃ info@vaniindia.org

## અમારા વિશે

છેલ્લા ચાર માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

### (૧) સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

**પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોના અધિકારોને પ્રોત્સાહન**

રાજસ્થાનમાં જોધપુર જિલ્લાના ભોપાલગઢ, જેસલમેર જિલ્લાના પોખરણ અને બાડમેર જિલ્લાના સિવાનાના ૧૯૬ પુરુષ નેતાઓ અને ૧૪૧ મહિલા નેતાઓ માટે ૨ દિવસની ૬ તાલીમો સામાજિક બાદબાકી, સંગઠન અને અધિકારો તથા ન્યાયની પ્રાપ્તિ માટેની વ્યવસ્થા વિશે યોજવામાં આવી હતી. આ ત્રણેય જિલ્લાઓમાં જમીનો વેચાવાની સ્થિતિ અને દલિતો ઉપર તેની અસર સમજવા માટે ૭૫ ગામોમાં એક સહભાગી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. માનવ અધિકારોના ભંગના કિસ્સામાં સતત હકીકતોની તપાસ કરવામાં આવે છે અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. ભોપાલગઢમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ ૩૦ દિવસ કરતાં પણ ઓછું કામ પૂરું પાડવામાં આવ્યું હતું, કે જ્યારે યોજના હેઠળ ૧૦૦ દિવસના કામની બાંયધરી આપવામાં આવી છે. આ વિસ્તારની ૩૩૦ વ્યક્તિઓને કામની માંગણી કરવા અને કામ મેળવવા માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો. પરિણામે તમામ અરજદારોને આ યોજના હેઠળ કામ પ્રાપ્ત થયું. 'દલિત અપડેટ' દ્વિમાસિકના બે અંકો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના અને માહિતીના અધિકાર વિષય વિશે પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

**ગુજરાતમાં વિકલાંગતાના મુદ્દાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ**

અંધજન મંડળના ટેકાથી માનસિક આરોગ્ય અંગેની ૪ સંસ્થાઓ સાથે સમીક્ષા અને આયોજનની ત્રીજી બેઠક યોજવામાં આવી હતી. રોજિંદા જીવનની ઉંમર સાથે બંધબેસતી પ્રવૃત્તિઓ વિશે શિક્ષણ આપતા વિશેષ શિક્ષકોના ક્ષમતા નિર્માણ માટે આ બેઠક યોજવામાં આવી હતી. ખાસ કરીને, તેમાં વાણી ચિકિત્સા સાથે સંબંધિત એવી પાયાની બાબતોને ધ્યાનમાં લઈને આકલન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૮ સહભાગીઓએ ભાગ લીધો હતો. વ્યાવસાયિક ચિકિત્સા, શારીરિક ચિકિત્સાની સેવાઓ અને વાણી ચિકિત્સાનાં સાધનો અને જરૂરિયાતો સાથે સંબંધિત એવી ટેક્નિકલ સેવાઓ આ ચાર સંગઠનોને પૂરી પાડવામાં આવી હતી. તા. ૧૨-૧૩ જાન્યુઆરી, ૨૦૧૧ દરમ્યાન સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ) વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં ૯ સહભાગી સંગઠનો યોજનાઓ ઘડે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ દ્વારા ઊભી થતી સેવાઓની માંગ સંતોષવા માટે તેઓ પ્રયત્ન કરે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો.

'ઉન્નતિ' દ્વારા જેનું સંકલન થાય છે તે એક્સેસ જૂથ દ્વારા સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમનની કલમ-૨૮ સુધારવા માટે કામ કરવામાં આવ્યું છે. આ સુધારેલો દસ્તાવેજ ઔડાને સુપરત કરાયો છે અને મદદનીશ નગર આયોજક તથા ઈજનેરી વિભાગના શ્રી એ. એમ. જગાણી સાથે બે બેઠકો યોજીને તેને વિશે ચર્ચા કરવામાં આવી છે. અંધજન મંડળ અને રાષ્ટ્રીય અંધજન મંડળ - ગુજરાત દ્વારા એક પરામર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં અમે અવરોધોના નિવારણ વિશે રજૂઆત કરી હતી. તેમાં પર્યાવરણ વિશેની માહિતીની પ્રાપ્તિ, માનવ સંસાધન વિકાસ, સમાનતાનો અધિકાર અને ભેદભાવવિહીન પર્યાવરણના અધિકાર વિશેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાની સમુદાય-આધારિત પુનર્વસનની માર્ગરેખાઓ વિશે ડિસેમ્બર-૨૦૧૧માં સીબીઆર ફોરમ દ્વારા યોજવામાં આવેલા એક રાષ્ટ્રીય પરિસંવાદમાં અમે ભાગ લીધો હતો. અંધજન મંડળ દ્વારા છત્તીસગઢના સમુદાય-આધારિત પુનર્વસનના કાર્યકરો માટે યોજવામાં આવેલી એક દિવસની તાલીમમાં અમે સર્વસમાવેશી વિકાસ વિશે વાત કરી હતી અને તાલીમ પ્રાયોજિત કરી હતી. દિલ્લી યુનિવર્સિટીના સમાન તક વિભાગ અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સામાજિક વ્યવસ્થા કેન્દ્રો દ્વારા યોજવામાં આવેલા પરિસંવાદોમાં અમે વિકલાંગતા વિશેના બે અભ્યાસ લેખો રજૂ કર્યા હતા.

**ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવા માટેનો સેટકોમ આધારિત કાર્યક્રમ**

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોની શાળાઓમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓને દ્વિતીય ભાષા તરીકે અંગ્રેજી શીખવવા છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન ૩૮ કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ૧૫ જિલ્લાઓની ૧૭૫ શાળાઓ તેમાં ભાગ લઈ રહી છે. તેમને માટે વધુ ૩ વર્કબૂક તૈયાર કરવામાં આવી હતી. દેખરેખ માટે ૩૩ શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી અને કાર્યક્રમની અસરનું મૂલ્યાંકન કરવા માટે ૨૦૫ ફોન કરવામાં આવ્યા હતા. તા. ૧૪.૧૨.૨૦૧૦ અને તા. ૩૦.૩.૨૦૧૧ના રોજ શિક્ષકો સાથે સંવાદની બેઠકો યોજવામાં આવી હતી. તેમાં ક્ષેત્રીય મુલાકાતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના પ્રતિભાવ તથા પરિણામ અંગે વિચારોની આપ-લે કરવામાં આવી

હતી. હવે બીજા, ૭ કાર્યક્રમોનું રેકોર્ડિંગ અને સંપાદન કાર્ય ચાલુ છે. આ સાથે કુલ ૭૪ કાર્યક્રમો થશે.

## (૨) નાગરિક નેતૃત્વ, સામાજિક ઉત્તરદાયિત્વ અને શાસન

### ગુજરાત

'ઉન્નતિ'ના સ્ટાફ અને સહભાગી સંસ્થાઓ માટે તા. ૯-૧૧ ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન પાયાની સેવાઓની સમુદાય આધારિત દેખરેખ વિશે એક પ્રશિક્ષકોની તાલીમનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તેનો મુખ્ય મુદ્દો સહભાગી પદ્ધતિ વિકસાવવાની પ્રક્રિયા આરંભવાનો અને તે વિશેની સામાન્ય સમજ ઊભી કરવાનો હતો. આ પદ્ધતિ પછીથી પાયાની સેવાઓની દેખરેખ માટે નાગરિકો દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવી હતી. અમદાવાદ, ખેડબ્રહ્મા અને ઈડરમાં સામાજિક ઉત્તરદાયિત્વ વિશે ૮૬ નાગરિક નેતાઓ સાથે એક દિવસની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમનો હેતુ પાયાની સેવાઓની પહોંચ અને ગુણવત્તા ઉપર દેખરેખ રાખવા માટેના નિર્દેશકો નક્કી કરવાનો હતો. ગરીબો અને છેવાડાના લોકો માટે સેવાઓની પહોંચ અને ગુણવત્તા ઉપર દેખરેખ રાખવા માટે કેટલીક પંચાયતોની પસંદગી કરવામાં આવી. તેમાં સામાજિક અન્વેષણ, નાગરિકોનું રિપોર્ટ કાર્ડ અને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન તથા જૂથ ચર્ચા જેવાં સાધનો અને પદ્ધતિઓ નક્કી કરવામાં આવ્યાં. દેખરેખની પ્રક્રિયાના ભાગરૂપે ગામની પાયાની માહિતી ભેગી કરવામાં આવી. તે પછીના મહિનાઓમાં ઈંદિરા આવાસ યોજના, જાહેર વિતરણ વ્યવસ્થા, નરેગા અને સામાજિક સલામતીની અન્ય યોજનાઓના લાભો પ્રાપ્ત થાય તે માટે નાગરિકોની બનેલી પંચાયત વિકાસ સમિતિઓએ દેખરેખ રાખી. આ પ્રક્રિયાથી જે માહિતી પ્રાપ્ત થઈ તે ગ્રામ સભાઓમાં રજૂ કરવામાં આવી. મહિલા નેતાઓ માટે આ યોજનાઓની દેખરેખ કેવી રીતે રાખવી તેના અલગ અભિમુખતા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અમદાવાદના વાડજ વિસ્તારના રામાપીર ટેકરા, જમાલપુરના રામરહીમ ટેકરા અને સિંગરવાની રાયચંદ મેઘરાજની ચાલી જેવા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પણ આ જ પ્રક્રિયા નાગરિક જૂથો સાથે હાથ ધરવામાં આવી. આ વિસ્તારોનાં મહિલા મંડળો માટે જાહેર વિતરણ વ્યવસ્થાની અભિમુખતા માટે એક દિવસના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં મોડાસા, ખેડબ્રહ્મા અને ઈડર તાલુકામાં તથા અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં માહિતી અધિકાર ધારા વિશે ૧૦૩ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની ૪૭૩ મહિલાઓ તથા ૧૦૬૪ પુરુષોએ મુલાકાત લીધી હતી. આ શિબિરો મારફતે માહિતી અધિકાર ધારા હેઠળ ૩૩ અરજીઓ કરવામાં આવી હતી કે જે મુખ્યત્વે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના માટે હતી.

### રાજસ્થાન

પંચાયતોમાં ચૂંટાયેલી મહિલાઓ માટે નેતૃત્વ વિકાસની ત્રણ દિવસની ૬ કાર્યશાળાઓ તા. ૧૭-૧૯.૧.૨૦૧૧ દરમ્યાન યોજવામાં આવી હતી. તેમાં ૧૧ ગ્રામ પંચાયતોની ૨૪ મહિલા સભ્યોએ ભાગ લીધો હતો. તેમાં સામાજિક અને રાજકીય નેતૃત્વ, ગામના વિકાસનું આયોજન અને ગામના ભાવિ વિકાસ વિશેનું દર્શન જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન ૨ દિવસની કાર્યશાળાઓમાં ૧૯ ગ્રામ પંચાયતોની ૪૭ મહિલા સભ્યોએ ભાગ લીધો હતો. પંચાયતોની બેઠકોમાં હાજરી આપવા માટે અને તેમના પોતાના વિસ્તારોના પ્રશ્નો અંગે લેવાતા નિર્ણયોમાં ભાગીદાર થવા માટે પંચાયતોની મહિલા સભ્યોને ટેકો આપવામાં આવે છે. તેમણે આંગણવાડીમાં અને શાળાઓમાં છોકરીઓની નોંધણી અને હાજરી તથા નરેગા હેઠળ પરિવારોની નોંધણી ઉપર દેખરેખ રાખવાનું કાર્ય પણ કર્યું છે. તે પછી નરેગા, સામાજિક સલામતીની યોજનાઓ, પાયાની સેવાઓનો ઉત્તરદાયી પુરવઠો અને મહિલા સભ્યોના તાલુકા સ્તરીય નેટવર્કની જરૂરિયાત જેવા મુદ્દાઓ વિશે કાર્યશાળા યોજવામાં આવી હતી. અમે ઉદયપુર ખાતે રાષ્ટ્રીય વિકેન્દ્રીકરણ પ્રોત્સાહન મંચની રાજ્ય સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠક 'ધ હંગર પ્રોજેક્ટ' અને 'આસ્થા' દ્વારા યોજવામાં આવી હતી. ઉપરાંત, માર્ચ-૨૦૧૧માં ઈરમા ખાતે વિકેન્દ્રિત આયોજન વિશે યોજવામાં આવેલી આંતરરાષ્ટ્રીય કાર્યશાળામાં પણ અમે ભાગ લીધો હતો.

### ગુજરાત સરકાર સાથેના સહયોગમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ સામાજિક અન્વેષણ અને ફરિયાદોનું નિવારણ

ગુજરાતમાં નરેગાનો અમલ યોગ્ય રીતે થાય તે માટે છેલ્લા એક વર્ષથી ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ સાથે મળીને 'ઉન્નતિ' કામ કરે છે. શાસનની સંસ્થાઓ અસરકારક રીતે સેવાઓ પૂરી પાડે તેવા ઉદ્દેશ સાથે કામ કરતી 'ઉન્નતિ' આ રીતે કાર્યમાં સામેલ થઈ છે. નરેગા હેઠળ ઓક્ટોબર-નવેમ્બરમાં અને એપ્રિલ-મેમાં એમ બે વખત સામાજિક અન્વેષણ ગુજરાતમાં હાથ ધરવામાં આવે છે. રાજ્યભરમાં બીજા દોરના સામાજિક અન્વેષણ માટે તૈયારીઓ કરવામાં આવી હતી.

વધુમાં, સામાજિક અન્વેષણ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે દરેક જિલ્લામાં દર મહિને એક પંચાયત સાથે કામ કરવામાં આવે છે.

તેમાં જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર, સંયોજક કે જિલ્લા દેખરેખકારને 'ઉન્નતિ' દ્વારા સામેલ કરવામાં આવે છે. છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન ૪૯ તાલુકાઓમાં ૫૮ સામાજિક અન્વેષણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારે નરેગા હેઠળની ફરિયાદોના ઉકેલ માટે વિના મૂલ્યે હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૪૫૬૭ શરૂ કર્યો છે. આ નંબર 'ઉન્નતિ' ખાતે કામ કરે છે અને છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ૯૨ ફરિયાદો આ હેલ્પલાઈન ઉપર નોંધવામાં આવી હતી. ૨૬ જિલ્લામાં જિલ્લા કક્ષાનાં દેખરેખકારોએ દર મહિને ૨૦ ગ્રામ પંચાયતોની મુલાકાત લીધી હતી અને નરેગા હેઠળ કામ કરતા મજૂરો સાથે વાતચીત કરી હતી અને તેમણે સ્વતંત્ર અહેવાલો તૈયાર કર્યા હતા. તે અહેવાલો જિલ્લા વહીવટી તંત્રને સુપરત કરવામાં આવ્યા હતા અને તેને આધારે પગલાં લેવાઈ રહ્યાં છે. માર્ચ-૨૦૧૧ સુધીમાં વિવિધ જિલ્લાઓમાં ૧,૦૧૩ ફરિયાદો મોકલવામાં આવી છે.

અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૧૦ લોકપાલ નક્કી કર્યા છે કે જેઓ જિલ્લા સ્તરે ફરિયાદોના નિવારણને માટે કામ કરે છે. લોકપાલોને બે વખત એક-એક દિવસના અભિમુખતા કાર્યક્રમમાં જવાનું થયું છે. જિલ્લા સ્તરના દેખરેખકારો દ્વારા જે ફરિયાદો ઓળખી કાઢવામાં આવે છે અને હેલ્પલાઈન ઉપર જે ફરિયાદો આવે છે તે નિયમિત રીતે લોકપાલને મોકલવામાં આવે છે.

તા.૨૧-૧-૨૦૧૧ના રોજ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન-સ્પિપા ખાતે યોજનાના અસરકારક અમલ માટે રાજ્ય સ્તરની બેઠક યોજવામાં આવી હતી. તેમાં સામાજિક અન્વેષણ અને ફરિયાદોના નિવારણની વ્યવસ્થા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. તેમાં રાજ્યના પંચાયતની રાજ ગ્રામ વિકાસ અને નાગરિક પુરવઠા પ્રધાન શ્રી નરોત્તમભાઈ પટેલે પણ હાજરી આપી હતી.

## (૩) આપત્તિના જોખમમાં ઘટાડાના સામાજિક નિર્ધારકો

ગુજરાતમાં આપત્તિની પરિસ્થિતિ વિશે ચર્ચા કરવા માટે પાંચ પ્રાદેશિક વિમર્શ સભાઓ યોજવામાં આવી હતી. તેમાં સમુદાય-આધારિત આપત્તિ જોખમ ઘટાડાને પ્રોત્સાહન આપવા માટે સામૂહિક કાર્ય કેવી રીતે કરવું તેના પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં ૧૧૩ બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ અને ગુજરાત રેડ ક્રોસ સાથે મળીને પ્રાથમિક સારવાર તથા બચાવ કાર્ય વિશે વિવિધ સ્થળોએ કૌશલ્ય નિર્માણ માટે છ તાલીમો યોજવામાં આવી હતી. તેમાં ૧૦૦ મહિલાઓ અને ૨૫૦ પુરુષોએ ભાગ લીધો હતો. તેમાં ગામ સ્તરના કાર્ય દળના સભ્યો, કોલેજોના વિદ્યાર્થીઓ, બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ અને પંચાયતોના સભ્યોનો સમાવેશ થતો હતો. તેમની યાદી જે તે જિલ્લા સ્તરની આપત્તિ સંચાલન કચેરીને વધુ સહાય, આગળની તાલીમ અને અનુવર્તી કાર્ય માટે આપવામાં આવી હતી. સમુદાય-આધારિત આપત્તિ જોખમ ઘટાડા વિશે તા.૧૮-૨-૨૦૧૧ના રોજ અમદાવાદ ખાતે રાજ્ય સ્તરની એક વિમર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં આ માટે છેલ્લા દાયકામાં થયેલા પ્રયાસોની વિગતો અપાઈ હતી અને ભવિષ્ય માટેનું સામૂહિક કાર્ય શું હોઈ શકે તેના વિશે વિચાર કરાયો હતો. આપત્તિ જોખમ ઘટાડામાં બિન-સરકારી સંગઠનો, શાળાઓની સુરક્ષા, જોખમ ઘટાડા માટે સરકારી યોજનાઓનું તેની સાથે સંધાન, ઔદ્યોગિક સુરક્ષા, પર્યાવરણીય સુરક્ષા, સમુદાય-આધારિત આપત્તિ સંચાલનની પ્રક્રિયાનો અનુભવ અને કટોકટીની સ્થિતિમાં 'સ્ફિયર'નાં ધોરણો જેવા વિષયો વિશે નિષ્ણાતોએ તેમાં રજૂઆત કરી હતી અને ચર્ચા કરી હતી. તેમાં વિવિધ ક્ષેત્રોના ૭૫ લોકોએ ભાગ લીધો હતો.

### રાજસ્થાન

રાજસ્થાનમાં બાડમેર અને જોધપુર જિલ્લાની પાંચ ગ્રામ પંચાયતોમાં સમુદાય-આધારિત આપત્તિ જોખમ ઘટાડા માટેની યોજનાઓ તૈયાર કરવા માટે ટેકો અપાયો. સમુદાયે મેલેરિયાનો રોગચાળો અને દુકાળને મોટાં જોખમો ગણાવ્યાં અને આગામી મહિનાઓમાં તેમનો સામનો કરવા માટે જણાવ્યું. પશુચિકિત્સા માટે શિબિરો યોજાઈ અને ૧૭ ગામોના૫૧૨ પરિવારોનાં ૪૧૦૦ બકરાંનું રસીકરણ કરાયું. ૨૩ ગામો માટે આરોગ્યનો સ્થિતિદર્શક અહેવાલ તૈયાર કરાયો છે. તે માટે ઘેરેઘેર ફરીને સર્વે કરાયો અને સક્રિય નાગરિકોની એક ગ્રામ વિકાસ સમિતિ બનાવાઈ કે જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સાથે સંપર્કમાં રહે છે. મહિલા પેરા-હેલ્થ કાર્યકરો માટે ફેબ્રુઆરી-૨૦૧૧માં બે દિવસની તાલીમો ગોઠવવામાં આવી હતી. આપત્તિ સામે રક્ષણ આપે તેવી મકાન બાંધકામની ટેક્નોલોજીનું નિદર્શન કરવા માટે માટી અને ફેરો સિમેન્ટની ઈંટોથી મકાનો પંચાયતોએ આપેલી જમીનો પર બાંધવામાં આવી રહ્યાં છે. આ મકાનોનો ઉપયોગ આંગણવાડી જેવાં કાર્યો માટે દલિત વિસ્તારોના સમુદાયો દ્વારા કરવામાં આવશે. સ્થાનિક સ્તરે ૪૨ કડિયાને ફેરો સિમેન્ટની ચેનલ અને ડોમ બનાવવા માટે તાલીમ અપાઈ રહી છે. સમુદાય

ઈંટો બનાવીને તેમાં  પ્રદાન આપી રહ્યો છે. બે ગામોમાં મહિલા કડિયાઓ તૈયાર કરવા માટે તેમને આપવા મોડ્યુલ તૈયાર કરાઈ રહ્યાં છે.

જુલાઈ-૨૦૧૦માં જર્મનીના આર્થિક સહકાર અને વિકાસ મંત્રાલય બીએમઝેડ અને માલ્તેસરના ટેકાથી એક નવો પ્રયાસ આરંભાયો છે. તેનો હેતુ રાજસ્થાનના બાડમેર અને જોધપુર જિલ્લાના ૫૦ દુષ્કાળ-સંભવ ગામોમાં સૌથી વધારે તકવંચિત અને અસહાય દલિત અને આદિવાસી સમુદાયો આર્થિક અને સામાજિક રીતે લોકશાહી પ્રક્રિયામાં સમતાપૂર્ણ રીતે સહભાગી બને તે છે. પરંપરાગત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વરસાદી પાણી સંઘરવા માટે ૫૭ ભૂગર્ભ ટાંકીઓ બાંધવામાં આવી. સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત એવા ૩૦ ગામોમાં સહભાગી જોખમ આકલન અને જરૂરિયાત નક્કી કરવાની પ્રક્રિયા દ્વારા અત્યંત ગરીબ લોકોને ઓળખી કઢાયા અને બીજી ૬૩ ટાંકીઓનું બાંધકામ ચાલી રહ્યું છે. કાચો માલ ખરીદવા માટે સમુદાય-આધારિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમુદાય પોતે જ દેખરેખ રાખે અને બાંધકામ સારી ગુણવત્તાવાળું થાય તે જુએ તે માટે એક પદ્ધતિ ઊભી કરવામાં આવી રહી છે.

સમુદાયના પ્રયાસો દ્વારા નરેગા હેઠળ ટાંકીઓના બાંધકામ માટે ૭૧ અસહાય પરિવારોને મંજૂરી મેળવવા માટે ટેકો પૂરો પડાયો. સાર્વજનિક જળ સંસાધનોનું સહભાગી વિશ્લેષણ હાથ ધરાયું કે જેથી તેમની વર્તમાન સ્થિતિ સમજી શકાય અને તેમને ચાલુ કરવા માટે પગલાં લઈ શકાય.

૫૫ ગામોમાં ૧૧૦ મહિલાઓને આરોગ્ય સ્વયંસેવક તરીકે ઓળખી કઢાઈ છે. ફલૌદીનાં ૧૩ ગામોના ૨૩ સ્વયંસેવકોએ મહિલા અને બાળ આરોગ્ય તથા સરકાર દ્વારા પૂરી પડાતી પ્રાથમિક આરોગ્યની સેવાઓ વિશેના બે દિવસના અભિમુખતા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એએનએમ સાથે આ મહિલા સ્વયંસેવકોનું સંધાન કરાયું છે. તેમણે ૨૪૪ બાળકોનું રસીકરણ કરાવ્યું હતું. તેમણે વણનોંધાયેલી ૫૯ સગર્ભા સ્ત્રીઓ ઓળખી કાઢી હતી અને તેમનાં પ્રિ-નેટલ ટેસ્ટ, રસીકરણ અને પૂરક લોહ તત્ત્વોની કાળજી લીધી હતી. ૨૩ સગર્ભા સ્ત્રીઓની પ્રસૂતિ હોસ્પિટલોમાં થાય તે માટે તેમણે પ્રયાસ કર્યો અને તેમને જનની સુરક્ષા વીમા યોજના સાથે જોડી. ફલૌદી, બાલોતરા અને સિંદરી તાલુકાનાં ૪૨ ગામોના ૮૧ મહિલા સામુદાયિક નેતાઓને તેમના તાલુકામાં ત્રણ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવી. તેમાં મહિલાઓએ દલિતો અને મહિલાઓ સામેના ભેદભાવનાં કારણો શોધી કાઢ્યાં અને તેની સામાજિક, આર્થિક અને રાજકીય સહભાગિતા ઉપરની અસરો શોધી કાઢી હતી. તેમણે વિવિધ પાયાની સેવાઓની સ્થિતિ વિશે ચર્ચા કરી અને તેમનું વિશ્લેષણ કર્યું, અને પહોંચ તથા ગુણવત્તા સુધરે તે માટે પણ ચર્ચા કરી. તા.૧૧-૩-૧૧ના રોજ જોધપુર ખાતે ૧૫ મહિલા નેતાઓએ છ પાયાની સેવાઓ ઉપર સામુદાયિક દેખરેખ રાખવા માટેની પદ્ધતિ અને નિર્દેશકો તૈયાર કર્યાં. મહિલાઓ અને છોકરીઓનાં ગામ સ્તરીય મંડળોને તમામ ગામોમાં પ્રોત્સાહન અપાયું છે. તેઓ સિંદરી તાલુકાના સરણુ પંજી ગામની જેમ સ્થાનિક સ્તરે કાર્ય કરે છે. તેમણે સરકારના ટેકાથી બનાવ્યો, ટ્યુબ વેલ બનાવ્યો. ત્રિશુલિયા ગામમાં એએનએમ નિયમિત બનાવ્યા. ૩૧૧ ગરીબ દલિત અને આદિવાસી પરિવારોને વિવિધ સરકારી યોજનાઓના લાભ અપાવ્યા. નરેગા હેઠળ ૧૦૦ દિવસની રોજગારીની માંગ કરવા ૨૦૧૫ જણાને પ્રોત્સાહન અપાયું. જર્મન દૂતાવાસના પ્રથમ સચિવ ડૉ. અંતજી ગોલ્તર-શોલ્ઝે તા.૭-૩-૧૧ના રોજ વિસ્તારની મુલાકાત લઈ પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિ નિહાળી અને હેતુઓ સમજ્યા.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: **sie@unnati.org** વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: **jodhpur_unnati@unnati.org**

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.